Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ શ્રાવણ-ભાદરવો

વાર્ષિક લવાજમ રૂા. ૭

## સુમધુર ભાવના

હે પ્રભુ! હું રોજરોજ તારાં સુમધુર ગીત ગાઈશ, તું મને શબ્દ આપ, તું મને સૂર આપ. તું જો મારા મનરૂપી પ્રફુલ્લ કમલના આસન ઉપર વિરાજતો રહે અને મારા પ્રાણને તારા પ્રેમથી પરિપૂર્ણ બનાવી દે તો હું રોજ સુમધુર ગીત ગાઈશ.

તું જો મારી સામે રહીને ગીત સાંભળે, તારી ઉદાર આંખે જો સુધાદાન કરે, તું જો દુઃખ ઉપર સ્નેહપૂર્વક તારો હાથ રાખે, અને સુખમાંથી દંભને દૂર કરે તો હું રોજરોજ તારાં સુમધુર ગીત ગાઈશ.

× × ×

તું જો તને ન ભૂલવા દે અને મારા અંતરને જાળ જંજાળમાં ન ફસાવા દે તો તારે આપવાં હોય એટલાં કામ આપ. મરજીમાં આવે એટલાં બંધનોથી મને બાંધજે, પણ તારા તરફ મને છુટો રાખજે. તારી ચરણરજથી પવિત્ર કરીને ભલે મને ધૂળમાં રાખજે, ભલે મંને ભૂલવીને સંસારને તળિયે રાખજે, પણ તને ન ભૂલવા દઈશ.

તેં મને જે માર્ગે ફરવાનું સોંપ્યું છે તે માર્ગે હું ફરીશ, પણ તારે ચરણે પહોંચુ એમ કરજે, મારો બધો શ્રમ મને બધી ભ્રાંતિનું હરણ કરનાર તારી પાસે લઈ જાય એમ કરજે.

માર્ગ દુર્ગમ છે, આ સંસાર ગહન છે, એમાં કેટકેટલા ત્યાગ, શોક, વિરહના અગ્નિ રહેલા છે; જીવનમાં મરણને વહીને મરણમાં હું પ્રાણ પામું એમ કરજે, સંધ્યા સમયે સહુનાં શરણરૂપ તારાં ચરણ મારો માળો બને એમ કરજે.

× × ×

હે પ્રભુ! મારા ચિત્તને એવું વરદાન આપ કે હું ધનની ક્ષતિમાં મનની ક્ષતિ ન માનું. આ તૃણભૂમિથી માંડીને સુદૂર ગગન સુધીનું તારૂં ભુવન જે ઐશ્વર્યથી, જે પ્રકાશથી, જે સંગીતથી અને જે સૌંદર્યધનથી પરિપૂર્ણ છે, તેનું મૂલ્ય મારા મનમાં સદા સ્વાધીન, સબળ, શાંત અને સરલ સંતોષરૂપે રહો.

—શ્રી રવિન્દ્રનાથ ઠાકુર

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૫ ] ઓગસ્ટ-સપ્ટેમ્બર : ૧૯૭૮ [ અંક : ૧૦-૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| જિનવચનના શ્રવણાદિકથી અને કર્મના ક્ષયોપશમથી સમ્યગ્દર્શન થાય છે. | શ્રીમદ્ હરિભદ્રસૂરિ | ૧૬૫ |
| જીવનદૃષ્ટિ (કાવ્ય) | ડો. ધીરજલાલ મુનિ | ૧૬૬ |
| સ્યાદ્વાદ જ અમૃતવાદ | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૧૬૭ |
| ક્ષમા | ડો. મુકુંદ સોનેજી | ૧૭૦ |
| ભગવાન મહાવીરની દૃષ્ટિએ સાધક જીવનમાં વૈરાગ્યનું સ્વરૂપ | ઉપા. અમરમુનિ અનુ. કાન્તિલાલ જ. દોશી | ૧૭૩ |
| વિના ભાવના, નહિ સાધના | ડો. ભાઇલાલ એમ. બાવીશી | ૧૭૫ |
| નિઃશંક શ્રદ્ધા | શ્રી અધ્યાયી | ૧૭૮ |
| દ્વાદશારં નયચક્રમ્ અંગે એક અભિપ્રાય | — | ૧૮૦ |
| પ્રતિક્રમણ | શાસ્ત્રી રમેશ લાલજી ગાલા | ૧૮૨ |
| પર્યુષણ પર્વ ક્ષમાપના (કાવ્ય) | જયંતિલાલ મોહનલાલ ઝવેરી | ૧૮૩ |
| ક્ષમા આપવાથી ક્ષમા મળે | ફાધર વાલેસ | ૧૮૪ |
| પ્રેમપૂર્વકના ત્યાગનો આનંદ . | સુશીલ | ૧૮૫ |
| સમાચાર | | ૧૮૯ |


### આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

**શ્રી દીનેશભાઈ વીરચંદભાઇ શાહ મુંબઈ**

### આ સભાના નવા આજીવન સભ્ય

**શ્રી જયસુખલાલ હીરાચંદ શાહ (મહુવાવાળા) ભાવનગર**

**શ્રી અમરચંદ ગોરધનદાસ શાહ (અલંપરવાળા) ભાવનગર**

## ● સ્વીકાર સમાલોચના ●

'સાધક સાથી' ભાગ-૧. લેખક પૂ. ડો. શ્રી મુકુંદ સોનેજી, શ્રી સતશ્રુત સેવા સાધના કેન્દ્ર તરફથી ભેટ મળેલ છે. જે સાભાર સ્વીકારીએ છીએ.

## ભાવનગરમાં થયેલ સ્વામિવાત્સલ્ય

સંવત ૨૦૩૪ના ભાદરવા શુદ ૫ ને ગુરૂવારના રોજ શ્રી ભાવનગર જૈન સંઘનું સ્વામિવાત્સલ્ય શેઠશ્રી વિનયચંદ હરજીવનદાસ તરફથી કરવામાં આવેલ હતું. જમણવારની વ્યવસ્થા બહુ જ સુંદર રીતે થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : **શ્રી** ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ શ્રાવણ–ભાદરવો : ઓગસ્ટ–સપ્ટેમ્બર૧૯૭૮ | અંક : ૧૦-૧૧




## જિનવચનના શ્રવણાદિકથી અને કર્મના ક્ષયોપશમથી સમ્યગ્દર્શન થાય છે.

જિનવચનનું શ્રવણ પ્રતીતિરૂપ જ છે, એટલે જિનવચનને શ્રદ્ધાથી સાંભળવું. આદિ શબ્દથી તે પ્રકારના ભવ્યપણાના પરિપાકાદિકથી ઉત્પન્ન થયેલ જીવનું એક જાતનું વીર્ય–શક્તિ તેરૂપ સ્વભાવનું ગ્રહણ કરવું. તે જિનવચનના શ્રવણ વગેરે કરવાથી કર્મ એટલે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને મિથ્યાત્વ મોહાદિ કર્મનો ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષયરૂપ જે ગુણ તેનાથી સમ્યગ્દર્શન ઉદય પામે છે. જે સમ્યગ્દર્શન છે તે તત્ત્વ ઉપર શ્રદ્ધા રાખવા રૂપ, વિપર્યાસ–વિપરીતપણાને નાશ કરનાર, ખોટા કદાગ્રહથી રહિત, શુદ્ધ વસ્તુને જણાવનાર, તીવ્ર કલેશથી વર્જિત, ઉત્કૃષ્ટ એવા બંધના અભાવને કરનારૂં અને આત્માના શુભ પરિણામરૂપ છે.

સ્વભાવથી જ ક્રોધાદિ ક્રુર કષાયરૂપ જે વિષ તેના વિકારના કટુ ફળને જોવાથી તે ક્રોધાદિકનો નિરોધ કરવો તે પ્રશમ કહેવાય છે. નિર્વાણ–મોક્ષની અભિલાષા તે સંવેગ કહેવાય છે. આ સંસારથી ઉદ્વેગ પામવો એ નિર્વેદ કહેવાય છે. દુઃખી પ્રાણી ઉપર દ્રવ્યથી તેમજ ભાવથી દયા કરવી તે અનુકંપા કહેવાય છે, અને જે જિનભગવાને કહ્યું તે જ સત્ય છે. એ નિઃશંક સત્ય છે એમ અંગીકાર કરવું તે આસ્તિકય કહેવાય છે. તે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયની સ્પષ્ટતારૂપ લક્ષણ એટલે સ્વરૂપની સત્તાને જણાવવારૂપ લક્ષણ છે જેનું તે સમ્યગ્દર્શન કહેવાય છે.

—શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન દૃષ્ટિ

ઈશ્વર એક અગાધ શક્તિ સર્વ વ્યાપ્ત નિરાકાર
શક્તિ પદાર્થ બની જતાં બન્યુ વિશ્વ સાકાર,
ગ્રહો ઉપગ્રહો અસંખ્ય સૂર્યો અસીમ આ બ્રહ્માંડ
પૃથ્વી અંશ અનંતની ધરિયાં વિવિધ સ્વરૂપો
એક ચેતના વિશ્વ બની ધરતી અગણિત રૂપો,
મહાસાગર તો એક છે દીસે વિવિધ તરંગો
સૌ આતમનાં અંશ છે સાગર મહીં તરંગો
એક ચેતના રમી રહી બની તન મન ને પ્રાણ
એક મેકથી જોડાયેલું સઘળું આ બ્રહ્માંડ
અનંત જીવનનો હું અંશ, આ છે સાચી દૃષ્ટિ
માનવીનાં સાચા સુખની આ છે જીવનદૃષ્ટિ

દૃષ્ટિવિણુ અંધાપો અથડાવે ભટકાવે અહીં તહીં
દૃષ્ટિવાનને રંગીન ચશ્મા દીસે દુનિયા અશુદ્ધ રંગી
મૂળરંગને મ્હાણવા જોવા દુનિયા વિશુદ્ધ રંગી
હટાવતાં ચશ્મા રંગીન દીસે દુનિયા વિશુદ્ધ રંગી

પૃથ્વી પર જયમ વાદળો રોકે સૂર્ય–પ્રકાશ
અહંકાર અંતરે વાદળ બની રોકે આત્મપ્રકાશ
અહંકાર છે મિથ્યાભાસ માયા મૃગજળ જેવી
મનસ્ ચેતના સંસ્કારોથી બની ઊઠે અહંકાર
કરવાં વિલિન વાદળો! અહંકારનાં ચિદાકાશે
ધર્મ સાધનાનો આ સાર, સમજાવે જીવનદૃષ્ટિ

અહંકાર છે રંગીન ચશ્મા, અહંકાર અંધાપો
જીવનને અથડાવે અહીં તહીં, દીસે વિકૃત રંગો
આતમને ના ઓળખી શકે અંતરમાં અંધાપો
અંતરદૃષ્ટિ ઉઘાડવાં જોવે જીવનદૃષ્ટિ

જીવન શું છે? હું કોણ છું? શું સાચું શું ખોટું?
સમજું જો આ સઘળું પામું જીવનદૃષ્ટિ
અહંકારથી મુક્ત બનું ઉઘડે અંતરદૃષ્ટિ

અંતરદૃષ્ટિ ઉઘડતાં સામે ઝળહળ જ્યોત
સુખ શાંતિની એ જ ઝંખના પામું આતમ જ્યોત

ડૉ. ધીરજલાલ મુનિ
(અમરગઢ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્યાદ્વાદ જ અમૃતવાદ

લેખક : પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમારશ્રમણ)

દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ તે સમયના પાંડિત્ય ગર્વિષ્ઠ પંડિતો–મહાપંડિતો વાદવિવાદ, જલ્પ, છલ, હેત્વાભાસ અને વિતંડાવાદ વડે એક–બીજાને પરાસ્ત કરવામાં પોતાના જીવનને સમાપ્ત કરતા હતાં. તે ભગવતી સૂત્રના ૧૮મા શતકના દશમા ઉદ્દેશાથી કાંઈક જાણીએ.

માણસના જીવનમાં જ્યાં સુધી મિથ્યાત્વના તાવની અસર હોય છે ત્યાં સુધી તેનું જીવન, વચન અને વ્યવહાર પણ વક્ર જ હોય છે. જેનાથી દેશ તથા સમાજને ભયંકર નુકશાન થવા ઉપરાંત જાતિવાદ અને સંપ્રદાયવાદના વિષચક્ર કાળા નાગની જેમ ફૂંફાડા મારતા હોય છે.

ભગવાન મહાવીરસ્વામી સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, એ બધી દીવા જેવી સ્પષ્ટ વાતો હોવા છતાં પણ સોમિલ નામના દ્વિજમાં યદ્યપિ જિજ્ઞાસા હોઈ શકે છે, તો પણ જે જિજ્ઞાસામાં વક્રતા હોય ત્યાં માનવીના જીવન કવનની શી દશા ?

સમવસરણમાં પ્રભુની સન્મુખ રહેલો સોમિલ પૂછે છે કે, "હે પ્રભો! આપ એક છો? આપ બે છો? અક્ષય છો? અવ્યય છો? તથા અનેક ભૂત, ભાવિ અને વર્તમાન પર્યાયવાળા છો?"

આ પ્રશ્નો પૂછવાનો આશય સોમિલ દ્વિજનો આવો હતો: યદિ ભગવાન મહાવીરસ્વામી મારા પ્રશ્નોનો ઉત્તર રીતસર ન આપી શકયાં તો તેમને નિરુત્તર કરીને સર્વત્ર મારી ખ્યાતિ પ્રસારિત કરવાનો સુંદર અવસર મને મળશે. જીવનમાં રહેલી ખોટી મહત્ત્વાકાંક્ષા જ માનવને સીધા રસ્તે આવવા દેતી નથી. તે પોતે જાણે છે કે મહાવીરના ચરણોમાં દેશના અકાટ્ય વિદ્વાનોએ પણ માથા ઝુકાવીને તેમનું શરણ સ્વીકાર્યું છે. તેમ છતાં પણ મિથ્યા પ્રતિષ્ઠા–આકાંક્ષા જે સૂક્ષ્માતિસૂક્ષ્મ દુર્ગુણો છે, તેનો વિષ પણ કેવો ભયંકર હોય છે.

મહાવીર પાસે પોતે નમ્રતાથી આવ્યો છે. પણ દશમા ગુણસ્થાનકે રહેલું સાવ અલ્પ માત્રાનો કષાય પણ જેમ માનવને નીચે પાડી શકે છે તેમ છુપાઈને રહેલા જીવનના દુર્ગુણો પણ આત્મોત્થાન કરાવી શકતા નથી.

હવે આપણે આ પ્રશ્નોની પાછળ સોમિલનો કયો આશય હતો તેને તપાસી લઈએ.

યદિ પોતાનામાં એકતાનો અર્થાત્ '(હું) એક છું,' આવો એકરાર ભગવાન કરી લે તો, શ્રોત્ર આદિ વિજ્ઞાનોનો અને અવયવોમાં રહેલ અનેકત્વને સિદ્ધ કરી મહાવીરના એકત્વનું ખંડન હું બરાબર કરી શકીશ.

નિરુત્તર થયેલા મહાવીર યદિ કહેશે કે "હું બે છું." તો પ્રથમ કહેલાં એકત્વવાદ સાથેનો વિરોધ બતાવીને પણ તેમને બોલતાં બંધ કરીશ.

"હું અક્ષય–અવિનાશી છું" તો તેમને પૂછીશ કે અત્યાર સુધી તમે અનંતો વાર જન્મ્યા અને મર્યા છો. તો પછી તમે અક્ષય કે અવિનાશી કઈ રીતના ?

પોતાના મૂળ સ્વભાવનો ત્યાગ ન કર્યો હોય તેવો કોઈ પણ 'અવ્યય' હોતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે પર્યાયોથી તો સર્વે વ્યય છે. તમારા પણ કેટલાય પર્યાયો થઇ ગયા છે, માટે પર્યાયોમાં હેરફેર કરવા વાળો 'અવ્યય' નથી હોતો.

અને અવસ્થિતનો સ્વીકાર કરતાં મારો જવાબ રહેશે કે, પ્રત્યેક ક્ષણે પદાર્થોમાં રૂપાંતર થતો હોય ત્યારે તમે અવસ્થિત કેવા?

આત્માનો નિત્ય પક્ષ લઇને સોમિલે નિર્ણય કરેલો કે મારા પ્રશ્નોનો જવાબ ભગવાન જે પ્રમાણે દેશે તેવી રીતે ઉપરના જવાબો આપીને નિરુત્તર કરી લઇશ.

આત્માનો અનિત્ય પક્ષ સ્વીકારીએ તો જ ભૂત્કાલના વર્તમાનકાલના અને ભવિષ્યમાં થનારા પર્યાયોની સંગતિ બની શકે છે. તે વિના એક જ આત્મા ત્રણે કાળના પર્યાયોને કેવી રીતે પ્રાપ્ત કરશો? યદિ આમ બને તો આત્મા અનિત્ય-ક્ષણિક હોવાથી દીક્ષા, તપ અને મોક્ષની વાતો પણ બેકાર છે.

સોમિલની માનસિક અવસ્થાને પોતાના જ્ઞાનથી જાણીને ભગવાન દયાના મહાસાગરમાં ડુબકી મારતા વિચાર કરતા થયા કે સંસારમાં આવા શાબ્દિક વિતંડાવાદો જ્યાંસુધી ઉપશામિત થતા નથી ત્યાંસુધી કોઇ પણ માણસ, સૌમ્ય, સામ્ય અને સમાધિસ્થ થઈ શકતો નથી. અભિગૃહીત મિથ્યાત્વના પ્રભાવથી સમજદાર માણસ પણ કેવળ શબ્દોની વ્યૂહરચનામાં ગોઠવાઇને તત્ત્વજ્ઞાનની અસલિયતથી હજારો માઈલ દૂર રહે છે અને પોતાના કે પરના આત્માનો ઈપ્સીત સ્વાર્થ સધાય તેવા અર્થની તરફ આંખમીંચામણા કરીને કેવળ શબ્દોથી પકડમાં પોતાનું અહિત જ કરતો હોય છે.

આ કારણે સોમિલ બ્રાહ્મણને સાપેક્ષ–અનેકાંત–સ્યાદ્વાદની ભાષામાં જવાબ દેવો જોઇએ. જેથી માણસ માત્ર એકબીજાના ઉચ્ચારેલા શબ્દોનો આશય સમજે તો સામાજિક જીવન વિષમુક્ત બનીને સંસારને અમૃત તત્ત્વની પ્રાપ્તિ સુલભ બને.

સામેવાળો માણસ મિથ્યાત્વ, ક્રોધ, માન કે અવિનયાદિની અસર તળે દબાયેલો હોવાથી તે તેવી રીતના જ શબ્દોનો પ્રયોગ કરશે. એટલા માત્રથી તેની સાથે વાગ્યુદ્ધ કે વિતંડાવાદની જરૂરત રહેતી નથી. માટે પ્રત્યેક પ્રસંગને સમજુતિપૂર્વક હલ કરવામાં જ સંસારને સત્ય તત્ત્વની પ્રાપ્તિ થશે. જીવન આનંદની મર્યાદામાં આવશે અને તેમ થતાં સાંપ્રદાયિક જીવન શાન્ત બનશે.

માણસના આન્તર જીવનમાં વસ્તુને સમજવાનો અપેક્ષાવાદ–સ્યાદ્વાદ ન હોવાના કારણે સામેવાળાની સારી વાતને પણ ખોટી અને પૂર્વગ્રહિત માની લે છે. પરિણામે વિતંડાવાદથી વિતંડાવાદ, પૂર્વગ્રહથી પૂર્વગ્રહ અને છળ-પ્રપંચ કે ઝઘડાની આદતમાંથી ઝઘડા જ વધતા જાય છે.

કેટલીકવાર માણસના મસ્તિષ્કમાં સ્યાદ્વાદની ભાષા સમજવાની શક્તિ હોય છે પરંતુ મસ્તિષ્ક અને હૃદય આ બંને વસ્તુઓ જુદી જુદી હોવાથી જ્યાં સુધી કોઇ પણ વાત હૃદયના અણુમાં ઉતરવા ન પામે ત્યાં સુધી મસ્તિષ્ક શક્તિઓ ચાહે ગમે તેટલી વિકસિત થઈ ગઇ હોય તો પણ સંસારમાં સંવાદ જન્મતો નથી. કોઇક સમયે મસ્તિષ્કથી સમજેલી વસ્તુ હૃદય પાસે પહોંચી શકે છે અને તેને માનવા માટે હૃદયની તૈયારી પણ હોય છે. પણ હૃદયના કોઈ એકાદ ખુણામાં અમુક વસ્તુની માયા, પોતાને સત્યવાદી બનવાની દાનત, બીજાને પરાસ્ત કરવામાં રહેલી દાવપેંચ રમવાની અનિષ્ટ આદત, સત્તાવાદનો કે પોતાના મુખથી નીકળેલી વાતને સત્ય કરવાનો મોહ અથવા પોતાનો ઉત્કર્ષ બતાવવા માટેની પૂર્વ તૈયારીઓ વગેરે કેટલાય કારણોને લઇને વ્યક્તિ, સમાજ કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશ સાથે સંધિ કરી શકતો નથી. સ્વાર્થનો માર્યો કદાચ કરે તો અભિગૃહીત મિથ્યાત્વ તેને પાછો પોતાના પક્ષમાં લઇને જીવાત્માને સત્ય માર્ગથી ભ્રષ્ટ કરી લે છે. આ કારણે જ કેટલીવાર પોતે સ્યાદ્વાદ નય પ્રમાણાદિ તત્ત્વોને સમજી શકે તથા બીજાને સમજાવી પણ શકે છે. પણ પોતાના જીવનમાં ઉતારીને મિથ્યાત્વના તાવને ભગાડી દેવા માટે સમર્થ બનતો નથી.

ભારત દેશના પંડિતો, મહાપંડિતો, વક્તાઓ કે રાજનૈતિક અખાડાબાજોનાં જીવનમાં એજ મોટી કરૂણતા રહેલી છે, જેના અભિશાપ સંસારને–શાન્તિ–સમાધિની બક્ષીસના બદલામાં ક્લેશ–વૈર–વિરોધ–દૃષ્ટિ યુદ્ધ કે વાગ્યુદ્ધોની જબરદસ્ત બક્ષીસ મળવા પામી છે. માટે જ હૃદયમાં રહેલા ગંદા તત્ત્વોથી અમૃત નીકળતું નથી. કેમકે–કઢી પીનાર માણસને દૂધપાકનો ઓડકાર શી રીતે આવે ?

સોમિલદ્વિજ ! આજના ભારતમાં તમે અને તમારા જેવા હજારો પંડિતો છે, છતાં પણ તમે બધા ભેગા થઇ શકતા નથી. સાથે બેસીને ચર્ચા દ્વારા કોઈ પણ જાતનો નિર્ણય લાવી શકતા નથી. ખૂબ યાદ રાખજો કોરાધાકોર જેવી શબ્દોની વિદ્વત્તામાંથી આડંબર, મિથ્યાભિમાન અને વિતંડાવાદ પૂર્ણ 'અસત્ય'નો જ જન્મ થાય છે. આ કારણે જ તમારા સૌનાં હૈયા કલુષિત છે, શંકાગ્રસ્ત છે અને પોતપોતાના મનઘડત–રાગદાઓ તાણીને આખાએ સંસારમાં હિંસા, જૂઠ, ચોરી, બદમાશી, શરાબપાન, માંસાહાર, શિકાર આદિના દુષ્કૃત્યો વધારવામાં ભાગીદાર બન્યા છો. એટલું પણ ધ્યાનમાં રાખી લેજો કે જે દેશના, સમાજના, વિદ્વાનો, પંડિતો, વક્તાઓ, આપસમાં વાગ્યુદ્ધે ચડેલા હશે, તે દેશના રાજા–મહારાજાઓ સુરા સુન્દરી અને શિકારગ્રસ્ત બન્યા વિના રહેશે નહીં. તેમનાં પાપોની અસર ધનાઢ્યોમાં કેટલીકવાર ઉતર્યા વિના રહેતી નથી, અને ફળસ્વરૂપે ધર્મના નામે ઢોંગ, સંપ્રદાયોના નામે હિંસક અને સ્વાર્થી તત્ત્વોની પરંપરા વધે છે.

આજના ભારત દેશને તમે પ્રત્યક્ષ જોઇ રહ્યાં છો કે લાખો કરોડો મૂક પ્રાણીઓ દેવીઓની આગળ કપાઈ રહ્યાં છે, ગલીએ ગલીએ શરાબ પીવાઈ રહ્યાં છે, અને બજારોમાં ગણિકાઓના ધંધા ધમધોકાર ચાલી રહ્યા છે.

સામ્રાજ્યવાદોના પાપે આજે એક દેશનો રાજા બીજા દેશના રાજાનો વૈરી છે. જાણો છો ને દધિવાહન રાજા અને શતાનિક રાજાના યુદ્ધોના પરિણામો કેટલા ભયંકર આવ્યા છે. અને સામ્રાજ્યવાદના પાપના નશામાં બેભાન બનેલા કુણિક રાજાના પાપે ગણતંત્રના ગળા કપાયા અને જોતજોતામાં એક કરોડ અને એંશી લાખ માનવો વિના મોતે માર્યા ગયા, અને મરેલા કેટલાકોની નવજુવાન સ્ત્રીઓ વિધવા બની હશે, કેટલાકોની માવડીઓ રોતી રહી હશે ? લાખોની સંખ્યામાં વિધવા બનેલી સ્ત્રીઓ બધીએ સતીઓ થવાની નથી.... માટે પંડિતરાજ ! આ બધી સત્ય વસ્તુને સમજો અને કોરા શાસ્ત્રોના પાનાઓ બગલમાં લઇને ફરવા કરતાં સંસારને, પદાર્થોને તથા તેમનામાં રહેલા અનંત પર્યાયોને અપેક્ષા બુદ્ધિથી નિર્ણીત કરીને પૂર્વગ્રહના પૂંછડાને છોડો. સમ્યક્ત્વ પ્રાપ્ત કરો.

ધ્યાન રાખજો ! મનુષ્ય અવતાર દેવદુર્લભ છે. જે વૈર–વિરોધ વધારવાને માટે નથી પણ શાંતિ અને સમાધિની સ્થાપના કરવા માટે છે.

છેવટે સોમિલ દ્વિજ સમજ્યો અને દેશવિરતિનો સ્વામી બનીને આગામી ભવમાં નિર્વાણ પામશે.

(ભગવતીસૂત્ર સાર સંગ્રહ : ભાગ–ત્રીજામાંથી સાભાર.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા

લે. ડૉ. મુકુંદ સોનેજી–અમદાવાદ

## ભૂમિકા :-

આક્રોશ ઉત્પન્ન કરે એવાં બાહ્ય કારણોનો સંયોગ થવા છતાં પોતાનામાં ક્રોધભાવ ઉત્પન્ન ન થવા દેવો તે ક્ષમા નામનું ધર્મનું ઉત્તમ અંગ છે. ક્ષમા તો વીર પુરુષોનું ભૂષણ છે અને સાચી ક્ષમા તો તેની જ કહેવાય કે જે સામી વ્યક્તિ કે વસ્તુને મારી હઠાવવાની તાકાત હોવા છતાં પણ ક્ષમા એ તો મારો સહજ સ્વભાવ છે-મૂળ સ્વભાવ છે-હું તેને છોડીને તેનાથી વિરૂદ્ધ એટલે કે ક્ષમા ગુણનો ઘાત કરનારા ક્રોધભાવને કેમ આદરૂં એમ વિચારે. આવા સત્ય તત્ત્વચિંતનપૂર્વક ક્ષમાભાવને ધારણ કરનાર મહાન સંતો આ જગતના ભૂષણ સ્વરૂપ છે.

## ક્રોધનું સામાન્ય સ્વરૂપ :-

કામ, ક્રોધ અને લોભ આ ત્રણને આર્યસંસ્કૃતિમાં નરકનાં દ્વાર તરીકે વર્ણવ્યા છે, તેથી પાપભીરૂ સાધકે અવશ્યપણે આ ત્રણનો સમ્યગ્પણે નિગ્રહ કરવા યોગ્ય છે. જ્યારે માણસ ઉપર ક્રોધ સવાર થઇ જાય છે ત્યારે તે સારાસારનો વિવેક ભૂલી જાય છે અને આંધળાની માફક ગમે તેવું અયોગ્ય વર્તન કરી બેસે છે. ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે શરીરમાં અનેક વિક્રિયાઓ ઉત્પન્ન થાય છે. હૃદયના ધબકારા વધી જાય છે, ભવંર ચડી જાય છે, મોઢું લાલચોળ બની જાય છે, પરસેવો છૂટવા માંડે છે, અનેક પ્રકારના અપશબ્દો મોઢામાંથી નીકળવા લાગે છે, હાથ પગ ધ્રૂજવા લાગે છે અને જેના ઉપર ક્રોધ ચડ્યો હોય તેના ઉપર તે ક્રોધી મનુષ્ય લાફાથી, મુક્કીથી, લાતોથી કે અન્ય લાકડી, દંડો, છરી, તલવાર કે બંદૂક આદિ શસ્ત્રોથી પ્રહાર કરવા લાગી જાય છે. આવા ઘોર તાંડવનૃત્યને આધીન ન થવું હોય તેણે પ્રથમ ભૂમિકામાં જ ક્રોધને ઓળખીને તેને આધીન ન થવાનો પ્રયત્ન કરવો જોઇએ.

## ક્રોધને જીતવાનો ઉપાય :-

ક્રોધને જીતવા માટે બે કક્ષાના અભ્યાસમાંથી પસાર થવાનું છે :

(૧) ક્રોધના સૂક્ષ્મ સ્વરૂપનું જ્ઞાન;

(૨) ક્ષમાનો દૈનિક જીવન પ્રસંગોમાં પ્રયોગ.

## (૧) ક્રોધના સૂક્ષ્મ સ્વરૂપનું જ્ઞાન :-

ક્રોધ એ શું છે તે યથાર્થપણે જાણીએ નહિ ત્યાં સુધી તેના નાશનો ઉપાય બને નહિ. ક્રોધ એ આત્માની અવસ્થામાં થતો વિકાર છે, તે વિકારની ઉત્પત્તિમાં ત્રણ કારણો રહેલા છે :

(अ) બાહ્ય વસ્તુ અથવા વ્યક્તિ–જેણે આપણને નુકસાન કર્યું, ગાળ દીધી કે આપણું ધાર્યું થવા દીધું નહીં.

(ब) અંતરંગ કર્મ (મોહનીય)નો ઉદય. આત્મા સ્વભાવે નિર્મળ હોવા છતાં અને ક્ષમા સ્વરૂપ હોવા છતાં જ્યારે કર્મના ઉદયને આધીન થઇ જાય છે ત્યારે ક્ષમાના વિકૃતભાવરૂપે–ક્રોધરૂપે–પરિણમીને મલિન થાય છે.

(क) ક્રોધની ઉત્પત્તિનું મુખ્ય કારણ પોતાના ક્ષમાસ્વભાવનું લક્ષ ન રહેવું તે છે, એટલે કે શ્રદ્ધામાં અને સ્મૃતિમાં 'ક્ષમાસ્વરૂપી હું છું' એ ભાવ છૂટી જાય ત્યારે જ આત્મા ક્રોધભાવરૂપે પરિણમી જાય છે. આ પ્રમાણે પોતાના મૂળ સ્વભાવની અસાવધાની તે ક્રોધ ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૨) ક્ષમાનો દૈનિક જીવનપ્રસંગોમાં પ્રયોગ :**

જેણે પોતાના ક્ષમાસ્વરૂપ આત્માનો બરાબર નિર્ધાર કર્યો છે તેણે ક્રોધભાવ ઉત્પન્ન થતાં જાગૃતિ રાખવાની છે અને વિચારવાનું છે કે આ ક્રોધભાવ તો મારા મૂળ સ્વભાવમાં નથી, માત્ર આ કર્મના ઉદયના નિમિત્તથી જ ઊપજે છે, તો તેવા ભાડૂતી ભાવને હું મારા આત્મામાં શા માટે જગ્યા આપું ? આ ક્રોધ તો અપવિત્ર છે, મારો (મારા સ્વભાવનો) વૈરી છે અને આ લોકમાં હમણાં પણ દુઃખ આપનારો છે. વળી ક્રોધ કરવાથી જે કર્મ બંધાશે તે પાછું ઉદયમાં આવતા ભવિષ્યમાં પણ દુઃખરૂપ બનશે. આમ સર્વ રીતે મને હાનિકારક એવા આ ક્રોધભાવને છોડીને તે ક્રોધને ઉત્પન્ન થયા પહેલાં અથવા ઉત્પન્ન થતાં જ તેને જાણવાની શક્તિવાળો એવો હું હવે ક્ષમાભાવમાં–સમતાભાવમાં–જ્ઞાયકભાવમાં જ ટકું છું.

આ પ્રમાણે વારંવાર પ્રજ્ઞારૂપી છીણીના પ્રયોગ દ્વારા જે આત્મસ્વભાવને અને ક્રોધ વિકારને જુદા પાડે છે. તેનામાં મહાન આત્મબળ ઉત્પન્ન થાય છે. આ આત્મબળ વડે પરમ ક્ષમાભાવરૂપ સમાધિભાવમાં તે ટકી શકે છે અને કર્મબંધથી ન લેપાતો એવો તે પુરુષ પરમ શાંતિ અને પરમ શીતળતાનો અનુભવ કરે છે. આવી દશા પ્રાપ્ત કરવા ધીરજથી, આત્મજાગૃતિથી સતત પ્રયોગરૂપ અભ્યાસ કરવો તે જ ક્ષમાગુણ ધારણ કરવાનો અથવા ક્રોધને જીતવાનો સાચો ઉપાય છે, એમ હે ભવ્ય જીવો! નિર્ધાર કરો.

જેમ ઉપવાસ કરતી વખતે આહારત્યાગની પ્રતિજ્ઞા કરવામાં આવે છે અથવા નિયમ લેવામાં આવે છે તેવી રીતે જેણે ક્રોધને કાઢવો છે તે દરરોજ સવારના 'હું આજે ક્રોધ નહિ કરું' એ જાતનો અભ્યાસરૂપી નિયમ લે અને સાથે નાનું એવું પ્રાયશ્ચિત પણ નક્કી કરે (કે જેથી આખા દિવસમાં થયેલી ભૂલોની ગણતરી થઇ શકે). આ રીતે જો થોડો વખત જાગ્રત રહીને અભ્યાસ કરે તો એનો સ્વભાવ પલટાઇ જાય એટલી તાકાત આવા નાના નિયમમાં રહેલી અને તેથી સાધકને માટે આ નિયમની ખૂબ ઉપયોગિતા છે.

**ક્ષમાની સાધનામાં વિઘ્નો :–**

આ જમાનામાં મોટા ભાગના લોકો ધર્મવિમુખ છે તેથી સાધકને ક્ષમાની સાધનામાં અમુક વિઘ્નો આવવા સંભવે છે. પરંતુ ધર્મવિમુખ જીવોનાં અપમાન–વિઘ્નો વગેરેને પોતાનું પૂર્વકર્મ ખપાવવાનો સારો અવસર જાણી સાધકે તેમના પ્રત્યે ક્રોધ ન કરતાં કોઈ અપેક્ષાએ તેમનો ઉપકાર માનવો યોગ્ય છે. વિવિધ પ્રકારના મનનાં, વચનનાં કે શરીરનાં દુઃખો જ્યારે પડે ત્યારે ચિત્તમાં એમ જ વિચારવું યોગ્ય છે કે 'મેં જે પૂર્વે કર્મો બાંધ્યાં હતાં તે જ ઉદયમાં આવ્યાં છે. આ દુઃખ આપનારા મનુષ્યો કે પશુઓ તો નિમિત્તમાત્ર છે, તેથી હવે હું કોઇ પ્રત્યે ક્રોધ ન કરતાં ક્ષમાભાવને જ ધારણ કરૂં છું.'

વળી કોઈ આપણને નીચ–અજ્ઞાની–ઢોંગી વગેરે કહે તેથી આપણે તેવા થઇ જતા નથી, પરંતુ આપણે જેવા ભાવ કરીએ તેવા જ આપણે થઇએ છીએ એવો સત્ય સિદ્ધાંત જાણી આવા વિવિધ પ્રકારના મહાન પ્રયત્નોવડે ક્ષમાને ધારણ કરવી આપણને સૌને હિતકારી છે.

**ઉપસંહાર :**

ક્ષમાગુણને ધારણ કરવાથી મોક્ષમાર્ગમાં જલ્દીથી બોધિસમાધિની સિદ્ધિ થાય છે, પ્રગટપણે શાંતિનો અનુભવ થાય છે અને અંતરંગ માનસિક દુઃખ તેમ જ બાહ્યમાં કલેશ, ઝઘડો, ગાળાગાળી વગેરે ન થવાથી બહારમાં પણ શાંતિનું વાતાવરણ સર્જાય છે. આમ ક્રોધ અને દ્વેષવૃત્તિની ન્યૂનતા થવાથી સમાજમાં સર્વત્ર મૈત્રી અને સંપનું વાતાવરણ ઊપજે છે. વ્યક્તિગત સાધકને નવો કર્મબંધ થતો અટકવાથી અને પૂર્વે બાંધેલા કર્મો ખરી જવાથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માની વિશુદ્ધિ થઇને મહાન સાધકદશા પ્રગટે છે.

સ્વ–પર કલ્યાણ કરનારો આવો ઉત્તમ ક્ષમા-ધર્મ આપણા જીવનમાં નિરંતર જયવંત વર્તો.

**ક્ષમાનો મહિમા :**

(૧) ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

(૨) જ્યાં દયા છે ત્યાં ધર્મ છે, જ્યાં લોભ છે ત્યાં પાપ છે, જ્યાં ક્રોધ છે ત્યાં કાળ (મૃત્યુ) છે, જ્યાં ક્ષમા છે ત્યાં આત્મા (આત્મિક ધર્મ) છે.

(૩) ક્રોધભાવ તે અપવિત્ર છે, આત્મસ્વભાવથી વિપરીત છે અને દુઃખદાયક છે, એમ નિર્ણય કરીને સાધકે તે ભાવ છોડી દેવો જોઇએ.

(૪) આ લોકમાં શાંતિ અને પરલોકમાં ઉત્તમ ગતિની પ્રાપ્તિ કરાવનાર ક્ષમાને હૃદયમાં ધારણ કરો.

(૫) જેવી રીતે દીપક પોતે બળીને અન્યને પ્રકાશ વડે માર્ગ દેખાડે છે તેમ સંત પુરુષો અનેક વિપત્તિઓ સહીને પણ અન્યને શીતળતા અને શાંતિ આપે છે.

(૬) જેવી રીતે ખોદવું, ગૂંદવું, ટીપવું વગેરે ધરતી સહન કરે છે અને કાપકૂપ વગેરે વૃક્ષો સહન કરે છે, તેવી રીતે અપમાન–કુવચન વગેરે જ્ઞાનીજનો જ સહન કરી શકે છે, બીજાનું શું ગજું !

(૭) સદાચાર અને વિશિષ્ટ જ્ઞાન વડે વધેલું અને સ્વાધ્યાય, તપ અને શ્રદ્ધાથી સિંચાયેલું એવું ધર્મરૂપી વૃક્ષ ક્રોધરૂપી અગ્નિથી સૂકા લાકડાની જેમ બળી જાય છે માટે ક્રોધને દૂરથી જ નિવારો.

દયા, શાંતિ સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુ ઘટ વિષે, તેહ સદાય સુજાગ્ય. (૮)

(૯) ક્રોધ ઉત્પન્ન થવાના કારણો બનતાં ‘આ મારા જ્ઞાનની સાધનાની પરીક્ષાનો અવસર છે તો હું જાગ્રત કેમ ન રહું ?’ અથવા ‘હું મુમુક્ષુ પણ જો જગતના આ જીવોની જેમ દુર્વચનાદિથી પ્રત્યુત્તર આપું તો હું પણ તેમના જેવો જ ઠર્યો, મારા મુમુક્ષુપણાની શું વિશેષતા ?’ એવી એવી વિચારસરણીને અનુસરીને મહાન સાધકો ફરી ફરી ક્ષમા ધારણ કરે છે.

卐

## * સંપત્તિ *

આ સ્થૂલ જગતમાં માણસોને મન પ્રભુની ઇચ્છા કરતાં પૈસો વધારે પવિત્ર હોય છે.

સંપત્તિ કોઇની માલિકીની નથી. સંપત્તિ પરના માલિકભાવે તમામ બાબતોને અસત્ બનાવી દીધી છે. સંપત્તિ તમને આપવામાં આવેલું, કાર્ય માટેનું ઉપકરણ છે....શક્તિ છે.

તમારે સંપત્તિનો ‘દાતાની ઇચ્છા મુજબ’ અર્થાત્ બિનઅંગત અને પ્રબુદ્ધ રીતે ઉપયોગ કરવો જોઇએ. તમે જો સંપત્તિના ઉપયોગ અને વિતરણ માટેના એક સારા સાધન હો તો સંપત્તિ તમારી પાસે આવે છે અને એનો ઇષ્ટ ઉપયોગ કરવાની તમારી શક્તિના પ્રમાણમાં આવે છે.

સંપત્તિ એક સામુદાયિક સમૃદ્ધિ છે, જેનો ઉપયોગ કેવળ એવા લોકો દ્વારા જ થવો જોઇએ જેમની પાસે કેવળ સર્વતોમુખી, સર્વદેશીય અને વૈશ્વિક દૃષ્ટિ જ નહિ, પણ મૂળગત રીતે સાચી દૃષ્ટિ હોય; અર્થાત્ એમાં વિશ્વવ્યાપી પ્રગતિને અનુરૂપ ઉપયોગ અને કેવળ જેને તરંગી ઉપયોગ કહી શકાય એ બેની વચ્ચે વિવેક કરવાનું સામર્થ્ય હોવું જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભગવાન મહાવીરની દૃષ્ટિએ

# સાધકજીવનમાં વૈરાગ્યનું સ્વરૂપ

હિંદી લેખક ઉપાધ્યાય અમરમુનિ
અનુવાદક-કાન્તિલાલ જ. દોશી

સાધકનું જીવન શરૂથી અંત સુધી કઠોર કર્મઠતાનો મહામાર્ગ છે. પોતાની સાધનાની સાચી દિશાને પકડીને જેમ જેમ તેના પર આગળ વધે છે તેમ તેમ તેના મન્તવ્ય-માર્ગ પર વિકટ સંકટોની રૂકાવટ અને ઉપસર્ગ તેમજ પરિષહોની મુશ્કેલીઓ આવીને ઊભી રહે છે. આ દૃષ્ટિએ સાધકના સાધના માર્ગને કાંટાળો માર્ગ કહ્યો છે.

જીવન આખર જીવન છે. તેમાં અવળ-સવળ તેમજ ચઢતી-પડતી આવ્યા જ કરે છે. સાવધાની એ વાતની રાખવાની છે કે સાધક અનુકૂળતામાં ફૂલાઈ ન જાય અને પ્રતિકૂળતામાં ભૂલે નહિ. મહાકવિ રવીન્દ્રનાથે પોતાની એક કવિતામાં કહ્યું છે કે "સુખના ફૂલ ચુંટવા માટે ઊભો ન રહે, અને સંકટોના કાંટાથી ગભરાઈને પાછો ફરતો નહિ." સાધકે પવન-ધર્મી બનવું પડશે. પવન સઘન કુંજના જુથમાં મોહિત થઈને બેસી નથી રહેતો અને દુર્ગંધ-પૂર્ણ સ્થાનોમાં જઈને વ્યાકુળ નથી થતો. જીવન બન્ને સ્થિતિમાં નિર્મળ ભાવથી વહેતું રહે છે.

ભગવાન મહાવીરની વાણીમાં જીવનની આ સ્થિતિને, જીવનની આ દિશાને વૈરાગ્ય કે વિરાગભાવ કહ્યો છે. ભગવાનની મર્મસ્પર્શી ભાષામાં વૈરાગ્યનું તાત્પર્ય જીવનની જવાબ-દારીને ફેંકીને કોઈ વનપ્રદેશના એકાન્ત શાંત ખૂણામાં રહીને જીવન વીતાવવું એમ નથી. તેમની વાણીમાં વૈરાગ્યનો અર્થ છે-મનના દુર્વાર વિકારો સામે લડવું, માનસમાં રહેલ વાસના સાથે સંગ્રામ કરવો એ છે. સંકટોના સમયે અડગ રહેવું અને અનુકૂળતાની સરિતામાં તણાઈ ન જવું. આચારાંગ સૂત્રમાં સાધકોને ચેતવણી દેતાં તેમણે કહ્યું છે—"जाए सद्धाए निक्खंता तमेव अणुपालिया" "સાધકો! ત્યાગ-વૈરાગ્યના આ મહા માર્ગ પર તમે પોતાના મનમાં જે શ્રદ્ધા, જે નિષ્ઠા અને જે દૃઢતાથી ચાલી રહ્યા છો, તેનું જીવનના અસ્તાચલ પર પહોંચતા સુધી પાલન કરજો"

મેં હમણાં આપને કહ્યું છે કે મહાવીરનો વૈરાગ્ય એટલે કર્મથી વિમુખ જવાની કે ભાગ-વાની પ્રેરણા નથી આપતો. તે પ્રેરણા આપે છે-જીવનના ક્ષેત્રમાં રહી પોતાની જવાબદારી પૂરી કરવાની. જૈન ધર્મનો વૈરાગ્ય એ એક એવો વૈરાગ્ય છે કે જેણે ફૂલોની કોમળ શય્યા પર સુનાર શાલિભદ્રને, સોનેરી મહેલોમાં રંગરેલી કરનાર ધન્નાને અને અમિત ધન વૈભવની વસંતમાં ઉછરનાર જમ્બુકુમારને એક જ પલ-કારમાં વૈરાગ્યના હિમગિરિના ચરમશિખરની ઉપર લાવી ખડા કરી દીધા છે. આ જાગ્રત જીવનની ચીવટનો વૈરાગ્ય છે. આ વૈરાગ્ય ફૂલોની શય્યામાંથી ઉત્પન્ન થયો, કાંટાના રસ્તા પર ચાલ્યો અને માનવના અંતસ્તલની મહાસત્તાના સંસ્પર્શ કરી ગયો, અંતિમ શિખર પર જઈ પહોંચ્યો. જૈન ધર્મનો મૂળ ધ્વનિ આ વૈરા-ગ્યથી ઝંકૃત છે.

જૈન ધર્મ જીવનના જીવતા જાગતા વૈરાગ્યની વાત કહે છે. તે એ મૃત વૈરાગ્યની વાત નથી કરતો કે જેમાં પરિવારની સમાજની કે રાષ્ટ્રની ઉપેક્ષા ભરી હોય. ઘરમાં માતા-પિતા રોગની પીડામાં રીબાતા હોય, બાલ-બચ્ચાની દશા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેહાલ થાય અને પત્ની અભાવોની આગમાં ભીંસાઈ રહી હોય-જીવનની આ વિષમ સમસ્યાઓ સામે આંખ બંધ કરી-આપ જો એમ કહો કે "એ તો સંસારની વાતો છે, સંસાર પોતાના સ્વાર્થને રડે છે અને રડતો રહેશે. માતા-પિતા અને ભાઇ-બહેન સ્વાર્થના સંગી છે, બાલ-બચ્ચા પોતાની સાથે પોતાનું ભાગ્ય લાવ્યા છે અને નારી તો નરકની ખાણ છે, આ ઝંઝટોમાં ફસાઇને હું મારા માનવજન્મને કેમ હારૂં ?" માતા-પિતા, ભાઇ બહેન, અને પુત્ર તેમજ પત્ની અનન્ત વાર મળ્યા છે-પણ શું જીવનની સાધના સધાઇ ?" આ બધા પ્રપંચ છે, જીવનની સાથે છેતરપીંડી છે.

હું સમજું છું કે આ મરી રહેલા વૈરાગ્યથી ભારતના આત્માનું પતન થયું છે. નારીના મરણ પત્રમાંથી જેના વૈરાગ્યનો ઉદય થયો છે તે શું પોતાના આત્માને પ્રાપ્ત કરી શકશે ? અને શું તે સંસારને સંદેશ આપી શકશે ? જે જન્મથી જ રંકતાના ભારથી લદાયેલ છે તે પોતાના જીવનનો રાજા કઈ રીતે બની શકશે ? આ વૈરાગ્યથી આત્માની ઉન્નતિ નથી, પતન જ થશે. આ વૈરાગ્ય સ્મશાનવૈરાગ્ય છે. અંતસ્તલમાંથી ઉદ્‌ભવનાર વૈરાગ્ય એ નથી.

જૈન ધર્મનો વૈરાગ્ય જ્યારે જીવન અને જગતના ભૌતિક પદાર્થોને ક્ષણિક, ક્ષણભંગુર અને અશાશ્વત કહે છે ત્યારે તેનો અર્થ એ નહિ સમજવો જોઇએ કે તે મનુષ્યની જગત અંગેની જવાબદારીની ઉપેક્ષા કરે છે. તેની ક્ષણિકતાનું તાત્પર્ય એ છે કે મનુષ્યે ભોગ-વિલાસ, રંગરાગ, અને વિષય-કષાયોમાં જ આસક્ત ન રહેવું જોઇએ. તે ભૌતિક ધરાતલથી ઊંચે જઈ અધ્યાત્મ તરફ આગળ વધે. મહાવીરનો વૈરાગ્ય એક બાજુ અનાસક્તિનો સંદેશ લઇને આવ્યો છે, તો બીજી બાજુ મનુષ્યના જુઠા અહંકાર પર કડવી ચોટ લગાવે છે. ગાડાની નીચે ચાલનાર કૂતરૂ જો એમ વિચારે કે હું જ આ ગાડાને ખેંચુ છું તો તેનું એ જુઠું અભિમાન છે. એ જ પ્રમાણે મનુષ્ય જો એમ સમજે કે પરિવાર કે સમાજની ગાડી મારા બળ પર જ ચાલી રહી છે, તો જૈન ધર્મનો વૈરાગ્ય કહે છે કે તારૂં આ કથન અહંકારયુક્ત છે. આ વિરાટ વિશ્વમાં હે માનવ ! તારૂં અસ્તિત્વ કેટલું ! તારૂં જીવન તો મૃત્યુની શૂલી પર લટકી રહ્યું છે ! તો પણ આટલું અભિમાન ! દેશોનો અપાર વૈભવ પણ જ્યારે કાળના મહાપ્રવાહમાં સ્થિર નથી તો તારા પરિમિત બળ-વૈભવનું શું અસ્તિત્વ ? જીવન ક્ષણેક્ષણે મૃત્યુના વેગવાન પ્રવાહમાં વહી રહ્યું છે.

હું આપને એ કહી રહ્યો હતો કે મહાવીરનો વૈરાગ્ય પતનનો નહિ, ઉત્થાનનો વૈરાગ્ય છે. એ મનુષ્યના મનમાં છુપાયેલા જુઠા અભિમાનને તોડે છે, તે અનાસક્તિનો સંદેશ આપે છે અને જન-જીવનમાં જાગૃતિની જયઘોષણા કરે છે. તે કહે છે "હે માનવ ! જ્યારે તું જાગે ત્યારે તારૂં સોનેરી પ્રભાત છે, જ્યારે તું જાગે, જ્યારે તારી મોહ-મમતાની નિંદમાંથી તુ જાગે ત્યારે તું જીવનની સાચી દિશાને પકડીને આગળ વધ

---

## * પ્રાર્થના *

આપણું સઘળું જીવન પ્રભુને સમર્પિત થતી પ્રાર્થનારૂપ હોવું જોઇએ. પ્રભુ માટે કામ કરવું એટલે શરીરથી પ્રાર્થના કરવી. આપણી નિરંતર પ્રાર્થના હો કે ભગવાનની ઈચ્છાને સમજી શકીએ અને એ અનુસાર જીવન જીવી શકીએ. સવારે ઉઠતી વખતે આપણે દરરોજ પૂર્ણ સમર્પણના દિવસ માટે પ્રાર્થના કર્યા કરીએ. સૂતાં પહેલાં દર રાત્રિએ આપણે એ પ્રાર્થના કરવી જોઇએ કે દિવસમાં આપણે જે ભૂલ કરી તે ભવિષ્યમાં ફરીથી ન થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિના ભાવના, નહિ સાધના!

લેખક : ડૉ. ભાઈલાલ એમ. બાવીશી–પાલીતાણા

કોઈ પણ કાર્યવાહી કે પ્રવૃત્તિ, સાધના કે આરાધના કે આધ્યાત્મિક ઉપાસના–અંતરના ભાવથી, હાર્દિક ભાવનાથી, કે દિલની ધગશથી નથી કરવામાં આવતી તો તે કદી સિદ્ધ થતી નથી–સફળતા મળતી નથી. કહ્યું છે ને કે–'મન હોય તો માળવે જવાય!' જો દઢ નિશ્ચય હોય અને અંતરની ભાવના હોય તો 'મુંબઈથી માળવે' અવશ્ય પહોંચાય છે, પરંતુ જો દિલની ઇચ્છા ન હોય તો 'મુલુંડ' પણ દૂર પડી જાય. વળી સંસ્કૃતમાં ઉક્તિ છે કે–યાદૃશી ભાવના તાદૃશી સિદ્ધિ ।। જેવી અંતરની ભાવના, તેવી કાર્યની સિદ્ધિ! એટલે કે ધાર્યું સિદ્ધ કરવું જ હોય તો મનને મજબુત રાખી ભાવનાપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ અને તોજ ઇચ્છીત પ્રાપ્ત થાય છે. શાસ્ત્રો કહે છે–ધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરવી હોય તો દાન, શીલ, તપ ને ભાવ, એ ચાર પ્રકારે થાય છે. પરંતુ એમાં પ્રાધાન્ય 'ભાવ'નું છે. પ્રથમ ત્રણેય–દાન, શીલ અને તપ જો ભાવપૂર્વક ન થાય તો એ નિસત્વ બને છે

કાર્યની કે પ્રવૃત્તિની સફળતા માટે ઉત્તમ ભાવના સાથે, દઢતા, મક્કમતા, નિશ્ચયબળ અને કામ પ૩છળ તનમય થઇ જવાની વૃત્તિ જરૂરી છે, તો અવશ્ય કાર્ય પાર પડે છે. આવી શુભાશુભ ભાવનાને દૃષ્ટાંતપૂર્વક રજુ કરવા આપણા ગ્રંથોમાં 'ઇલાચી પુત્ર'ની કથા પ્રચલિત છે. જેમાં અશુભ ભાવનાથી ઘર–બાર, સગાં–વહાલાં અને મહેલ-મિલ્કત છોડી પોતે એક નટ–કન્યાના મોહમાં ફસાતા ગેર રસ્તે ચડી જાય છે, પણ સદ્ભાગ્યે અંતે શુભભાવના જાગૃત થતાં ચેતી જાય છે. અંતરને પશ્ચાતાપ ઘેરી લે છે અને વિચારોના વમળમાં શુભ ભાવના ભાવતો પોતે સત્ય સમજે છે અને છેવટ 'કેવળજ્ઞાન' પ્રાપ્ત કરે છે. આ શુભાશુભ ભાવનાનું 'ઇલાચીપુત્ર'નું દૃષ્ટાંત રસપ્રદ–બોધપ્રદ હોઇ નીચે રજુ કરતાં આનંદ અનુભવું છું.

ઇલાવર્ધન નગરમાં ધનદત્ત શેઠ રહે છે. એની પત્ની ધારિણીદેવીને યોગ્ય સમયે ઇલાદેવીના વરદાનથી પુત્ર જન્મે છે, જેનું નામ ઇલા–પુત્ર રાખે છે. પુત્ર સ્વરૂપવાન અને ગુણિયલ છે યુવાન થતાં સર્વ કળામાં નિપુણ બને છે. યોગ્ય ઉંમર થતાં લગ્નની વાતો થઇ રહી છે. એજ અરસામાં ઇલાવર્ધન નગરમાં એક નટ–નટીનું કુટુંબ આવ્યું. હંમેશાં સુંદર ને આકર્ષક નટ–વિદ્યાના ખેલ કરે છે. શ્રી ઇલાપુત્ર સમાચારથી આકર્ષાઇ ખેલ જોવા જાય છે. એક નટ વાંસ ઉપર કલાત્મક ને અદ્ભુત નૃત્ય કરે છે અને એક સ્વરૂપવાન પદ્મિની જેવી નટી સુંદર ને મધુર કંઠે ગીત ગાતી એને સંગત આપે છે ઇલાચીપુત્રને નટનું સુંદર નૃત્ય તો ગમ્યું પરતુ ગીત ગાતી નટીનો મધુર કંઠ, સુંદર શૈલિ અને ભાવવાહી ગીત સાંભળી એ નટીને મોહી પડયો અને મનોમન એને જ પરણવા નિશ્ચય કર્યો. જ્યારે માતા-પિતાએ લગ્નની વાત ઉચ્ચારી ત્યારે ઇલાપુત્રે વગર શરમે સ્પષ્ટ જણાવી દીધું કે–પોતે તો પેલી 'નટી' સાથે લગ્ન કરવાનો નિર્ણય કરી લીધો છે. એટલે હવે બીજી બધી વાતો નકામી છે.

પછી તો માતા–પિતાએ ઇલાપુત્રને કુળ, સંસ્કાર, વ્યવસાય, વ્યવહાર, આદિની ઘણી વાતો કરી–દલીલો કરી સમજાવવા પ્રયત્નો કર્યા, પરન્તુ ઇલાચી માન્યો જ નહિ અને કહી દીધું કે–'કાં નટીને પરણું અથવા તો અગ્નિ પ્રવેશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરૂં !' માતા-પિતા છેવટ કંટાળ્યા, નિરાશ થયા અને તાત્કાલિક એ વાત મુલતવી રાખી. પણ ઈલાચી તો નટીને એવો મોહી પડ્યો કે પળે પળે એ નટીનું જ રટણ કરી રહ્યો અને એને જ પરણવા પાકો નિશ્ચય કરી લીધો. હવે માતા-પિતા કદાચ નહિ માને એમ ધારી છેવટ ઘર-બાર છોડી, માતા-પિતાને ત્યાગી નટ-પરિવાર પાસે પહોંચ્યો; અને પોતાની દરખાસ્ત રજુ કરી-"ગીત ગાતી નટી સાથે લગ્ન કરવા ઈચ્છા છે. ગમે તે રકમ લ્યો અને નટી સાથે પરણાવો". પણ નટ-વડિલે કહી દીધું-"કોઇ રકમથી એ બની શકે નહિ. એ નટી તો અમારા પરિવારનું ગૌરવ છે, અને અમારા નિભાવનું મુખ્ય સાધન છે."

ઈલાચીએ તો નટીને મેળવવા દૃઢ નિર્ધાર કર્યો હતો એટલે ફરી પૂછ્યું-"તો હું કઇ રીતે-કઇ શરતે નટીને મેળવી શકું-પરણી શકુ ?"

નટ-વડિલે કહ્યું-"મહાશય, અમારા પરિવાર સાથે ભળી જાઓ, અને નટ-વિદ્યાના 'વંશ-નૃત્ય'માં પ્રવિણ બનો અને બેન્નાતર નગરના રાજાની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ, પારિતોષિક મેળવો તોજ 'નટી' મળી શકે"

નટ-વડિલનો આ છેવટનો નિર્ણય જાણી ઇલાચીએ ગમે તે પ્રકારે 'નટ-કન્યા' મેળવવા 'નટ-કળા'નું શિક્ષણ શરૂ કરી દીધું અને એક વર્ષમાં તો એમાં પારંગત થઈ ગયો. એટલે કસોટી-પરીક્ષા માટે આખો નટ-પરિવાર બેન્નાતર નગર આવ્યો અને શહેરના મધ્ય-ચોકમાં નટ-વિદ્યાનો સમારંભ યોજાયો અને નગરના મહારાજા પ્રમુખસ્થાને બિરાજ્યા. પરીક્ષા શરૂ થઈ, છેવટ ઈલાચીના 'વંશ-નૃત્ય'ની પરીક્ષાનો આરંભ થયો.

નટ-કન્યા મેળવવાના વિચારમાં આનંદિત ઈલાપુત્રે 'વંશ-નૃત્ય' શરૂ કર્યું. અને એટલું આકર્ષક અને કલાપૂર્ણ કર્યું કે પ્રેક્ષકો ખુશ ખુશ થઈ ગયા. તાલીઓના જોરથી ગડગડાટ થયા. ઈલાપુત્રને ખાત્રી થઇ કે મહારૂં આવું સુંદર નૃત્ય જોઈ મહારાજા મને ધન્યવાદ આપશે, પારિતોષિક મળશે અને નટ-કન્યા સાથે હું પરણીશ પણ એની ધારણાથી બન્યું ઊંધુ ! મહારાજા ઇલાચીનું નૃત્ય જોઇ ખૂબ ખુશ થયો, પરંતુ ખેલ વખતે પેલી નટીનું ગીત-સંગીત સાંભળી અને અદ્ભુત સ્વરૂપ જોઈ પોતે આકર્ષાયો અને ઈલાચીને એ કન્યા ન મળે એ વિચારમાં પરોવાયો. એટલે એણે ઇલાપુત્રને કહી દીધું. "મારૂં ધ્યાન નહોતું. ફરી નૃત્ય કરો" વળી ઈલાચીએ વધારે જોમ જુસ્સાથી આબેહુબ નૃત્ય કર્યું, પ્રેક્ષકો ઘણા જ ખુશ થયા અને તાળીઓ પર તાળીઓ પડી. હવે ઈલાચીને આશા થઇ કે આ વખતે રાજા ખુશ થઇ પારિતોષિક આપશે, પણ મેલી મુરાદ-વાળા મહારાજાએ પાછો એનો એ જ જવાબ આપ્યો. "મારૂં ધ્યાન નહોતું ! ફરીવાર નૃત્ય કરો !" એમ ત્રણ, ચાર, પાંચવાર નૃત્ય કર્યું. ફરમાન થયું એટલે ઇલાપુત્ર વિચારમાં પડ્યો કે આ મહારાજાના મનની મુરાદ મેલી લાગે છે. નિર્ણયમાં કાંઇક ભેદ છે. આવા નટખટ ને કપટ કરનારા સંસારમાં કંઇક હશે ! આટ-આટલી મહેનત કરી ઉત્તમ પ્રકારનું નૃત્ય મેં કર્યું. લોકો ખુશ થઈ ગયા છતાં આ કપટી મહારાજા ન્યાયાસન નહિ પણ માયાસન પરે બેઠો જણાય છે કે મને હેરાન કરે છે. વળી આ બધું શા માટે હું કરી રહ્યો છુ ? એક નટડી ખાતર ને ? હાડ-માંસના લોચા માટે જ ને ? ફરી ફરી નાચ્યો અને પરિણામ શૂન્ય ! આમ વિચારતો છેલ્લે વાંસ પર ચઢ્યો ત્યાં ઇલાચીએ બાજુના મહેલમાં એક વિચિત્ર દૃશ્ય જોયું. એક સ્વરૂપવાન યુવાન સાધુ અને એક દેખાવડી નવયૌવના ઉભા છે. સ્ત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધુને લાડુ વહોરાવી રહી છે સાધુ વહોરી રહ્યા છે પણ બંનેની દૃષ્ટિ જમીન ઉપર છે. નથી કોઈ વિકાર કે નથી મોહ! અદ્ભૂત!

વળી ઈલાચી વિચારી રહ્યો-'યુવાન સાધુ અને નવયૌવના 'કામ-રતિ' શા શોભી રહ્યા છે. છતાં તેમને કાંઈજ મોહ નથી-આકર્ષણ નથી. ઉલટા શુભ પરિણામો ધારી નિચી દ્રષ્ટિએ વહોરી-વહોરાવી રહ્યા છે. ધન્ય છે એ સાધુ-શ્રાવિકાને કે યૌવન, સમૃદ્ધિ અને સંજોગો બધુંજ અનુકુળ હોવા છતાં સંયમને રાહે સ્થિર છે, જ્યારે હું એક નટડી ખાતર ઘર-બાર ને માતા-પિતા છોડી, નટ-પરિવાર સાથે રખડ્યો અને જાહેરમાં નાચ્યો! આ સંસારમાં આવા ભ્રામક ને છેતરામણા પ્રસંગોમાં ફસાવું અને આત્માને ભવ-ભ્રમણમાં રખડાવવો એ મોટી ભૂલ છે-ભ્રમ છે-ધિક્કારને પાત્ર છે, ધન્ય છે એ સાધુને અને એ શ્રાવિકાને જેઓ એકાંતમાં પણ શુદ્ધ મન અને શુભ પરિણામો ધારી સંયમની વાટે પ્રયાણ કરી રહ્યા છે!

આમ વિચારમાં ને ધ્યાનમાં ગુણસ્થાનોના ઉંચા સોપાનો ચઢતા ચઢતા ઇલાચી-પુત્રને 'કેવળજ્ઞાન' પ્રગટ્યું. દેવોએ દુદુંભી વગાડ્યા અને સમવસરણ રચ્યા. કેવળજ્ઞાની ઇલાચીએ દેશના દીધી અને ભવ-ભ્રમણના કારણો સમજાવી, શુભ ભાવના ભાવી, શુભ કર્તવ્યો કરવા ઉપદેશ આપ્યો. પોતાની અશુભ ભાવનાથી નટ-નટીના પરિવારમાં ફસાવું-રખડવું, અને સાધુ-શ્રાવિકાના દ્રશ્યથી શુભ ભાવના પ્રગટતા કેવળજ્ઞાનના સ્વામી બન્યા વિગેરે સમજાવી, ભવ્ય આત્માઓને શુભ ભાવ હ્રદયમાં ધરવા અને મુક્તિનગરના યાત્રી બનવા સદ્બોધ આપ્યો અને ઇલા-પુત્ર કેવળજ્ઞાન પામી ધન્ય બની ગયા! સંસાર તરી ગયા! શુભ ભાવનાનું મહત્વ દર્શાવી ગયા!

આવા શુભાશુભ ભાવનાના સચોટ દ્રષ્ટાન્તથી પ્રભાવિત-પ્રબોધિત થઇ, આપણે પણ નજીકમાં જ આવી રહેલા પર્યુષણ પર્વમાં ઉત્કૃષ્ટ ભાવના ધારી, ક્રિયા-કાંડ, અને વ્રત પચ્ચકખાણ કરીએ, અંતર ઉજાળીએ અને દેવ-ગુરૂ-ધર્મને અનુસરતા મોક્ષગામી બનવા ધર્મ-પ્રવૃત્તિ કરીએ!

આવી ઉચ્ચ ભાવના પ્રેરનાર અને એની અમૂલ્ય ફલશ્રુતિ દાખવનાર 'ઈલાચી પુત્ર'ને બિરદાવીએ! ધન્ય ઈલાચીકુમાર!

બાહ્ય દ્રશ્યથી ભ્રમિત થઇ,
વિચર્યો નટ-નટી સાથ;
શીઘ્ર સત્ય પામી જતાં,
'ઈલાચી'-'કેવળ'-નાથ!

# * સુવર્ણ સોપાનો *

( શાહ ગુલાબચંદ લલ્લુભાઇની નોંધમાંથી )

શુદ્ધ જીવન, નિખાલસ મન, નિર્મળ હ્રદય, ઉત્સુખ સમજશક્તિ, આવરણરહિત આધ્યાત્મિક દૃષ્ટિ, પોતાના સહધ્યાયી પ્રત્યે બંધુભાવ, સલાહ અને શિક્ષણ આપવા અને મેળવવા માટેની તત્પરતા, ગુરૂ પ્રત્યે પોતાનો ધર્મ બજાવવામાં વફાદારી જે સત્યરૂપ ગુરૂમાં આપણે એક વખત વિશ્વાસ મુકયો છે અને જે ગુરૂ હંમેશ સત્યપરાયણ છે. તેની આજ્ઞાનું સ્વેચ્છાથી પાલન, થયેલા અંગત અન્યાય માટે હિંમતપૂર્વક સહનશીલતા, પોતાના સિદ્ધાંતોની અભય જાહેરાત, અન્યાયી જેમના પર પ્રહાર થાય તેમનો હિંમતપૂર્વક બચાવ અને

( આગળ પૃષ્ટ ૧૭૯ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિઃશંક શ્રદ્ધા

લેખક : અધ્યાયી

જેને કોઇ જાતનો નિશ્ચય નથી હોતો તે બીજી બધી રીતે કુશળ હોવા છતાં સિદ્ધિને વરી શકતો નથી. પવનના તોફાનમાં સપડાયેલી નૌકા જેમ આઘાત અને પ્રત્યાઘાતના પ્રહાર સહન કરતી આખરે તળીયે જઇને વિરામ લે છે તેમ નિશ્ચય કે શ્રદ્ધા વગરનો પુરૂષ સંસારની અનેકવિધ વિટંબણાઓ અનુભવી મુંઝાય છે, વારંવાર માર્ગ બદલે છે અને છેવટે નિરાશ બની અધઃપાત વ્હોરી લે છે. શ્રદ્ધા એટલે સુમેરૂપર્વત સરખો અડગ નિશ્ચય, દેવતાઓ પણ જેને ન ચળાવી શકે તેવી દૃઢતા, વિચાર અને અનુભવની પાકી એરણ ઉપર ઘડાએલી વીરવૃત્તિ આવી શ્રદ્ધા બહુ જ ઓછા પુરૂષોમાં પ્રત્યક્ષ થાય છે. શ્રેણિક રાજા આવી જ અનુપમ શ્રદ્ધા ધરાવતો અને એ શ્રદ્ધાના બળે જ, ભૂલાતા જતા ઇતિહાસમાં પોતાનું નામ ઉજ્જવળ અક્ષરે અમર કરી ગયો છે.

શ્રેણીક રાજાને જીનદેવ, જીનગુરૂ અને જીનધર્મ ઉપર અસાધારણ શ્રદ્ધા હતી. એક વાર દર્દુરાંક નામના દેવે તેની કસોટી કરવાનો નિશ્ચય કર્યો

શ્રેણીક જૈન સાધુઓને પરમ 'વિરાગી, તપસ્વી અને નિઃસ્પૃહ માનતો. જૈન સાધુના જેવી વિરાગવૃત્તિ તેમજ નિઃસ્પૃહતા બીજે કયાંય ન સંભવે એવી તેની દૃઢ શ્રદ્ધા હતી એક વાર માર્ગે જતાં તેને એક જૈન મુનિના દર્શન થયા. તેનો વેશ જૈન સાધુને બરાબર મળતો આવે તેવો હતો. છતાં તેના એક હાથમાં માછલાં પકડવાની જાળ હતી અને બીજો હાથ માંસ ભક્ષણ કરવાને તૈયાર હોય તેમ લોહીથી ખરડાયેલો હતો. એક જૈન સાધુની આવી દયાજનક દશા જોઈ રાજા શ્રેણીક ધ્રુજી ઉઠ્યો.

રાજાને પોતાની પાસે આવતો જોઈ મુનિએ જાળ પાણીમાં નાખી. જાણે કે જાળમાં માછલાં પકડવાનો તેનો નિત્યનો અભ્યાસ હોય એમ સૂચવ્યું. આ આચારભ્રષ્ટતા રાજાને અસહ્ય લાગી.

"અરે મહારાજ! એક જૈન સાધુ થઇને આટલી નિર્દયતા દાખવતાં તમને કંઇજ લાજ નથી આવતી? મુનિના વેષને આ દુષ્કર્મ કેવળ અનુચિત છે." શ્રેણીકે બળતા અંતઃકરણે આ શબ્દો ઉચ્ચાર્યા.

"તું મારા જેવા કેટલાકને અટકાવી શકશે? સંઘમાં મારા જેવો એક નહીં પણ અસંખ્ય મુનિઓ પડ્યા છે, જેઓ આ જ પ્રમાણે મત્સ્ય–માંસ વડે પોતાની આજીવિકા ચલાવે છે." મુનિએ જવાબ આપ્યો.

રાજાનો આત્મા હણાયો. તેની આંખ આગળ અંધાર છવાયો. મહાવીરસ્વામીના સંઘના મુનિઓ આવો અવળો માર્ગ સ્વીકારે એ તેને ત્રાસદાયક લાગ્યું.

તે આગળ બોલ્યો. પેલો આચારભ્રષ્ટતાનો દૃશ્ય ભૂલી શકયો નહીં. તેને ક્ષણે ક્ષણે મુનિની દુર્દશાના વિચાર પીડી રહ્યા.

થોડે દૂર તેને એક સાધ્વી મળી. તેના હાથ–પગના તળીયાં અળતાના રંગથી રંગેલાં હતાં. આંખમાં આંજેલા કાજળને લીધે તેની આંખો કૃત્રિમ તેજથી ચમકતી હતી. તે પાન ચાવતી રાજાની પાસે આવી ઉભી રહી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તમે તે સાધ્વી છો કે વેશ્યા? સાધ્વીને તે વળી આવાં શૃંગાર અને અલંકાર હોય?" રાજાએ પ્રશ્ન કર્યો.

સાધ્વી ખડખડાટ હસી પડી. "તમે તો કેવળ અલંકાર અને શૃંગાર જ જુઓ છો. પણ આ મારા ઉદરમાં છ-સાત મહિનાનો ગર્ભ જાળવી રહી છું તે કાં નથી જોતાં?"

ભ્રષ્ટાચારની સાક્ષાત્ મૂર્ત્તિ! તેના ખડખડાટ-નિષ્ઠુર હાસ્યે શ્રેણિકને દિગ્મૂઢ બનાવી દીધો. આ તે સ્વપ્ન કે સત્ય એનો નિર્ણય કરે તે પહેલાં જ સાધ્વી જેવી સ્ત્રી બોલી:—

"તમે મને એકલીને આજે આ વેશમાં નીહાળી કદાચ આશ્ચર્યસ્તબ્ધ બન્યા હશો. પણ રાજન્! તમે જો જરી ઉંડી તપાસ કરી હોત તો આખો સાધ્વીસંઘ મારા જેવી સ્ત્રીઓથી જ ઉભરાતો જોઇ શકયા હોત. જેને છતી આંખે આંધળા અને છતે કાને બ્હેરા રહેવું હોય તેને બીજું કોણ સમજાવી શકે? જૈન સાધુ અને સાધ્વીઓમાં રાખેલી શ્રદ્ધા કેટલી અસ્થાને છે તે હવે તમે જોઈ શકયા હશો."

છેલ્લા શબ્દો શ્રેણીક ન સાંભળી શકયો. તેણે કાન ઉપર હાથ મૂકયા, અને બોલ્યોઃ—

"દુરાચારીઓ પોતે ભલે દુનિયાને પોતાના જેવી માની લ્યે, પણ મહાવીર પ્રભુનો સાધુ-સાધ્વીનો સંઘ આટલો ભ્રષ્ટ, પતિત કે શિથિલાચારી ન હોય. તમારા જેવા એક-બેના ભ્રષ્ટ-ચારિત્ર ઉપરથી બીજા પવિત્ર સાધુ-સાધ્વીઓના સંબંધમાં નિશ્ચય કરવો એ આત્મઘાત છે. હું હજી પણ એમ માનું છું કે જૈન સાધુ અને સાધ્વીઓનો સંઘ તમારા કરતા અસંખ્યગણો ઉન્નત, પવિત્ર અને સદાચારપરાયણ છે."

વીસમી સદીનો કોઈ જૈન હોય, તો આ ભ્રષ્ટાચાર જોઈ શું વિચારે?

અંતે શ્રેણીક રાજાની કસોટી કરવા આવેલો દર્દુરાંક દેવ રાજાના પગે પડ્યો અને તેની અચળ નિઃશંક શ્રદ્ધાની મુક્તકંઠે સ્તુતિ કરી.

પ્રબળ ભ્રાંતિઓ વચ્ચે પણ શ્રેણિકનો શ્રદ્ધાદીપ ન ઝંખવાયો. મુનિસંઘને અન્યાય ન આપ્યો.

અચળ શ્રદ્ધાના કારણે જ રાજા શ્રેણીક, અવિરતી હોવા છતાં આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે.

( અનુસંધાન પૃષ્ટ ૧૭૭ થી ચાલુ )

મનુષ્ય જાતિનો વિકાસ અને પૂર્ણતાનો આદર્શ આ સુવર્ણ સોપાન છે. જેનાં પગથીયા પર ચડવાથી દૈવી જ્ઞાનમંદિરમાં અભ્યાસી પ્રવેશ કરી શકે છે.

પ્રાર્થનામાં પણ ધગશ જોઇએ. પોતાની શક્તિઓ ધ્યેયની પાછળ ખરચી નાખ્યા વિના કોઈ સિદ્ધિની આશા ન રાખે. ધ્યેય જેટલું મહાન-ઉચ્ચ તેટલા પ્રમાણમાં શક્તિ અને સામર્થ્ય વપરાવા જોઇએ. આપણી પ્રાર્થનાઓમાં પણ સિદ્ધિ માટે તાલાવેલી જોઇએ.

જે માણસ પોતાનું સામર્થ્ય અવળે માર્ગે વેડફી નાંખે છે તેની પ્રાર્થના પણ એટલી જ કંગાળ બને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'દ્વાદશારં નયચક્રમ્' અંગે એક અભિપ્રાય

યુનિવર્સિટી ઓફ પેનસિલવાનીઆ
ફીલાડેલ્ફીઆ. ૧૯૧૭૪ યુ એસ. એ.

ઓરીએન્ટલ સ્ટડીઝ, ઓકટોબર, ૧૯૭૭.
૮૪૭, વીલીઅમ્સ હોલ....સીયુ,
મુનિશ્રી જમ્બૂવિજયજી,

શ્રી જૈન આત્માનન્દ સભા,
ખાર ગેઈટ,
ભાવનગર. ગુજરાત. ઇન્ડિયા.

**વહાલા અને માનનીય મુનિશ્રી જમ્બૂવિજયજી,**

આપના તરફથી મલ્લવાદિન્‌ની 'દ્વાદશારં નયચક્રમ્' ની બીજા ભાગની સુંદર નકલ મળી, તે બદલ ખૂબ ખૂબ આભાર. તત્ત્વજ્ઞાન વિષયક વિચારોના દસ્તાવેજ તરીકે તેમજ ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રાચીન ઈતિહાસની અમારી માહિતી માટેના ઉપયોગ મૂળભૂત ગ્રન્થ તરીકે, આ પુસ્તક અમારે માટે ખૂબ જ રસપ્રદ બન્યુ છે. અને ખાસ આભાર એટલા માટે કે આ પુસ્તક આપે ખૂબ જ કાળજીથી અને કુશળતાથી તૈયાર કર્યું છે.

મને વૈશેષિક દર્શનમાં ખૂબ રસ હોવાથી આ પુસ્તકના આરા નં. ૭ તેના લુપ્ત થયેલ વૈશેષિક દર્શનના ગ્રન્થોના ઉલ્લેખને કારણે મારે માટે તે ખૂબ જ મૂલ્યવાન નિવડયું છે. આવૃત્તિના પરિશિષ્ટમાં અપાયેલ વૈશેષિક સૂત્રો અંગેની માહિતીનો મેં ઉપયોગ પણ કર્યો છે, પણ અલબત તે પ્રકરણ ઘણું સારૂં અને અગત્યનું છે અને તેથી હવે તેનું સંપૂર્ણ પ્રકરણ સુપ્રાપ્ય બન્યુ છે. એમાં શંકા નથી કે આપે વિદ્વદ્ વિશ્વને માટે શાશ્વત સેવાનું કાર્ય કરેલ છે.

ઘણા આભાર અને શુભેચ્છાઓ સાથે.

આપનો સહૃદયી,
**ડો. વીલહેલ્મ હાલ્બફાસ**
ભારતીય તત્ત્વજ્ઞાનના સંયુક્ત
પ્રાધ્યાપક.



For Private And Personal Use Only

# University Of Pennsylvania

**PHILADELPHIA 19174, U. S. A.**

Oriental Studies
847 Williamas Hall CU

October 1977

Muni Shri Jambuvljayaji
Shri Jain Atmanand Sabha,
Khargate
BHAVNGAR (Gujart, India)

Dear and respected Muni Shri Jambuvijayaji,

It is with extreme gratitude that I received a copy of volume 2 of your magnificent edition of Mallavadin's Dvadasaram nayachkram. As Document of philosophical thought as well as a source for our knowledge of the early history of Indian philosophy, thistext deserves our keen interest, and it is Particularly gratifying that it has been ediled by you in such a careful and competent manner.

Since I take a special interest in the Vaisesika system, Ara 7 with its many references to lost Vaisesika works is of special value for me. I had already utilized the excerpts given as an appendix to your critical edition of the Vaisesika sutras, but it is of course very good and important that the complete chapter has now been made Available.

There can be no doubt that you have done a lasting service to the scholarly world.

With many thanks and best wishes,
Yours sincerely
**Dr. Wilhelm Halbfass**
Associate Professor of
Indian Philosophy



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિક્રમણ

લે. શાસ્ત્રી રમેશ લાલજી ગાલા–લાયજાબોટા

મન, વચન અને કાયાથી કરેલા પાપો તરફ આક્રમણ કરવું એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ પ્રતિક્રમણની ક્રિયાને મહાયોગ પણ કહે છે. કારણ કે આ યોગમાં બાહ્ય અને અભ્યંતર તપ સમાયેલા છે. આ બે તપમાં અભ્યંતર તપ સૌથી શ્રેષ્ટ તપ છે. તેમાં પણ પ્રાયશ્ચિત તપને સર્વ તપોમાં અગ્રેસર તપ કહેવામાં આવે છે પ્રતિક્રમણમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત થાય છે. આ કારણે જ મહાન પુરુષો પ્રતિક્રમણને મહાયોગ કહે છે આત્માને જે પવિત્ર કરવામાં અગ્ર ભાગ ભજવે છે તે વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય પ્રતિક્રમણમાં જ આવે છે. આવી પ્રતિક્રમણની સાધના શ્રાવક–શ્રાવિકાએ ઊભયકાળ કરવી જોઇએ. કારણ કે પ્રતિક્રમણથી જ પાપ પલાયમાન થાય છે. માટે જ શાસ્ત્રકારો કહે છે કે દરરોજ બે ઘડી સમય કાઢી અવસ્ય પ્રતિક્રમણ કરવું જોઇએ. કારણ કે આ ક્રિયા કરવાથી દેવવંદન, સ્વાધ્યાય, કાર્યોત્સર્ગ અને ધ્યાન વગેરેનો પણ લાભ મળે છે.

પ્રતિક્રમણમાં પહેલું "સામાયિક આવશ્યક" કરવાનું હોય છે, કારણ કે આ કરવાથી સમભાવ અને અનંતજીવોને એમાં અભયદાનનો લાભ મળે છે. પૂર્વ આચાર્યો એ ઊપદેશી ગયા છે કે જીવ ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં ભટકે છે. તેમાં એ કયારે પણ સુખ મેળવી શકતો નથી. સુખ મેળવવા એ અનંત ઉપાય કરે છે છતાં એના બધા પ્રયત્નો પાણીમાં રહેલા પરપોટાની જેમ નાશ પામે છે. અનંત યોનિમાં ભટકતા જીવે ધર્મને જીવનમાં ઉતાર્યો જ નથી, તો જીવનમાં સુખ મળે જ કયાં? ધર્મ કરણી વગર સુખ મળી શકતો નથી. માટે જ અનુભવીઓ સર્વનું કલ્યાણ કરવા માટે ધર્મ કરવાનો વારંવાર ઉપદેશ આપે છે. કારણ કે ધર્મથી જ જીવ ઉચ્ચ ગતિને પામી શકે છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ–આ ચારમાં મનુષ્ય ગતિ મેળવવી દુર્લભ છે. આ માનવભવ મેળવ્યા છતાં જીવ કર્મરજથી મલિન થયેલો હોય છે. એ કર્મને દૂર કરવા અર્થાત્ આત્માને પવિત્ર કરવા ધર્મક્રિયા વિના કોઈ ઉત્તમ સાધન નથી, તેમાં પણ પ્રતિક્રમણ એ સૌથી ઉત્તમ ક્રિયા છે.

શાસ્ત્રકારો કહે છે કે ધર્મ સામગ્રી મનુષ્યભવમાં જ મળે છે, કારણ કે....

देवता विषयासक्ता, नारका दुखविह्वलाः ।
ज्ञानहीनाश्च तिर्यंचो धर्मयोग्या हि नराः ।।

અર્થ :–દેવતાઓ વિષયમાં આસક્ત હોય છે, નારકના જીવો દુઃખથી પીડાતા હોય છે, તિર્યંચો જ્ઞાન વગરના હોય છે, જયારે ધર્મ યોગ્ય મનુષ્ય જ હોય છે. માટે જ હ્રદયમાંના મલિન ભાવોને દૂર કરવા અને શુભ ભાવોને જગાવવા કયારે પણ સામાયિક ન ચૂકવુ જોઈએ. સુજ્ઞો! શુભ ભાવોને પ્રગટાવવા મંદિર, ઉપાશ્રયનો આશ્રય કરવો, ધાર્મિક સાહિત્યનું વાંચન, અને દેવદર્શનાદિ ક્રિયાઓ કરવી. મહાન પુરુષો કહે છે કે પ્રતિક્રમણ કરતી વખતે "કરેમિ ભંતે" બોલતાં સમભાવને ઊછળતો કરવા પ્રયત્ન રાખવાનો અને "લોગસ્સ તથા નમુત્થુણં" બોલતાં જીવ સાક્ષાત્ ભગવાનની પાસે જ છે એ પ્રમાણે ખૂબ જ ભક્તિ ભાવથી પ્રતિક્રમણ કરવું. સમભાવમય જીવન એ જીવનની મહામુલ્ય કમાણી છે. આપણે કોઇ પણ ક્રિયા શુદ્ધિપૂર્વક કરીએ તો એનું ફળ આપણને મળ્યા વિના રહેતું નથી. માટે જ કોઈ પણ ક્રિયાની શરૂઆત કરો તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહેલા પૂર્ણ શ્રદ્ધા રાખી શાંત ભાવે બોલવાની શરૂઆત કરો કારણ કે આ મહામુલ્ય સમય જો ફોગટ ચાલ્યો જશે તો ક્યારે પણ પાછો આવવાનો નથી. માટે જ આ પર્વાધિરાજના પવિત્ર દિવસોમાં મન, વચન અને કાયાથી થયેલા પાપોનું પ્રાયશ્ચિત કરવા પ્રતિક્રમણ અવશ્ય કરવુ જોઇએ.

ભાવથી કરેલી ક્રિયાથી મહા દુર્ગતિમાં પડેલો જીવ શુભ ગતિમાં આવી મુક્તિને પામે છે. આપણે જે જે આત્માને શુદ્ધ કરવા કાર્યો કરીએ છીએ તેમાં વિનય ગુણ હોવો જોઇએ. જો વિનય ગુણની ખામી હોય તો કોઈ પણ ક્રિયા ફળદાયી થતી નથી. આથી જ શાસ્ત્રકારો કહે છે કે પ્રથમ પગથિયે વિનયની ઘણી જ આવશ્યકતા છે. શાસ્ત્રમાં પણ વિનયગુણને પ્રદર્શિત કરવા કહ્યું છે કે...

विद्या भवन्ति विनयाविनयाश्च वितं
नृणां भवेश्च विनयान्निजकार्यसिद्धिः ।
धर्मो यशश्च विनयादिनयात्सुबुद्धि-दुः
शत्रवोपि विनयात्सुहयो भवन्ति ।।

અર્થાત્–વિનયથી વિદ્યા, ધન અને સર્વ પ્રકારની કાર્યસિદ્ધિ થાય છે. વિનયથી ધર્મ અને યશ પ્રાપ્ત થાય છે, વિનયથી સુબુદ્ધિ પ્રાપ્ત થાય છે અને વિનયથી શત્રુ પણ મિત્ર બની જાય છે. આ કારણે જ સમભાવ સાથે વિનય ગુણને ક્યારે પણ ન છોડવો.

# પર્યુષણ પર્વ ક્ષમાપના

卐

વેર ઝેર વિસારીને, ક્ષમા યાચના કરજો.
ધરી અભિલાષ અંતરની, સત્ય પંથે વિચરજો.
કરી ધર્મ આરાધના, ઓજસ પ્રગટાવજો.
યાદ કરી વિરને, પૂનિત ભાવના રાખજો.
જીવન છે શોણલું, એ હૃદયે ધારજો.
સંવત્સરીના શુભ દિને, ક્ષમા મને કરજો.
ખમત ખામણા ખમાવી, પૂનિત કાયા કરજો.
પ્રતિક્રમણ કરીને, મિચ્છામી દુક્કડં દેજો.

જયંતિલાલ મોહનલાલ ઝવેરી–અમદાવાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા આપવાથી ક્ષમા મળે!

ફાધર વાલેસ

ક્ષમા ધર્મ એટલે દુર્લભ ધર્મ. ક્ષમા એટલે આવશ્યક ધર્મ. આવશ્યક, કારણ કે જીવનના નિત્ય સંઘર્ષમાં આપણે એક બીજાના અપરાધમાં અનેકવાર આવીએ છીએ, અને દુર્લભ, કારણ કે કોણ જાણે કેમ ક્ષમા આપવી એ માણસને માટે અઘરામાં અઘરી સિદ્ધિ હોય છે. માણસ દાન આપે, સેવા આપે, સમયનો ભોગ આપે, પણ એક વાર જો એને ખોટું લાગ્યું હોય, જો એની લાગણી દુભાઈ હોય, જો બીજા માણસે એને અન્યાય કર્યો હોય–તો એને ક્ષમા આપવી, દિલથી આપવી, જાણે વચ્ચે કશું થયું ન હોય એમ ફરીથી જુનો પ્રેમ–સંબંધ ચાલુ રાખવો એ માણસ માટે અશક્ય નહિ તો અત્યંત અઘરૂં તો છે જ.

× × ×

માફી આપો એટલે માફી મળશે. શરત એટલી જ કે જે માફી આપો તે પૂરા દિલથી આપો. જોઇએ તેટલી વખત અને જોઇએ તેને આપો. એમાં અપવાદ ન કરો, કોઈ ઉણી લાગણી ન રાખો, કોઇ ઢોંગ ન માંડો. અઘરૂં લાગે ત્યારે ભગવાનની ક્ષમાને યાદ કરો. તે તમને શક્તિ આપશે અને ભગવાનની પાસેથી તમને દયા મળવાની છે, અરે મળી ચૂકી છે તેમ માનો, પણ એ કાયમ રાખવા માટે તમારે આજે તમારા સાથી, નોકરને, એ ઉદ્ધત સગા કે પાડોસીને, અવિચારી મિત્રને, જેણે તમારૂ બુરૂ કર્યું હોય તેમ લાગે તે સર્વેને પુરા દિલથી ક્ષમા આપવી જોઇએ. એ પુણ્ય વિચારથી ગુસ્સાના વિચારો પાછા ગળી જવાશે અને ક્રોધથી વાળેલી મુઠ્ઠી ફરી ઢીલી પડશે અને ઉશ્કેરાયેલું મન શાંત થશે.

× × ×

ક્ષમા દિલથી આપવી એ એક ઉંચી સિદ્ધિ, ભારે તપશ્ચર્યા, ઉત્કૃષ્ટ કળા છે. ક્ષમા આપવાથી સમાજનો વ્યવહાર સરળ બને, મનને શાંતિ મળે, દિલને અપૂર્વ સંતોષ મળે. ક્ષમા આપવાથી ભગવાનની ક્ષમા મળે છે. તેનું એ પ્રતિક ને ખાતરી છે. ખરેખર ક્ષમા ધર્મ મહાન ધર્મ છે.

× × ×

ક્ષમાનું મહાવ્રત સ્વીકાર્યા પછી જીવનમાં નમ્રતા ને સરળતા, બીજાઓને માન આપવું. સાધારણ સ્થિતિવાળા અને ગરીબોની ખરા દિલથી સેવા કરવી અને બદલાની આશા વિના સૌ ઉપર ઉપકાર કરવો. એમ કરવાથી એક દિવસ મુક્તિના દિવ્ય સમારંભમાં જવા આમંત્રણ મળશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રેમપૂર્વકના ત્યાગનો આનંદ

સુશીલ

દીવાળીના તહેવારોમાં હું વળી પાછો ઘેર આવ્યો નિશાળમાં રજા પડી હતી. બાપુજીએ દીવાળીના પર્વના દિવસોમાં અમને બન્ને ભાઇઓને પહેરવા સારૂ નવા ઝબ્બા શીવડાવી દીધા. બાપુજીને લુગડાં લત્તાનો બહુ શોખ નહોતો—શોખ હોય તો પણ ઘરની સ્થિતિ એવી હતી કે નવાં કપડાં પોસાય નહિ. તેઓ જે ધોતીયું પહેરતાં તે અન્તર ઠેકાણેથી ફાટી ગયું હતું. બા થીગડાં દઇ દઇને થાકી ગઈ હતી. હમણા હમણા એમના ધોતીયાની દશા એવી હતી કે મૂળ કયુ અને થીગડું કયું એનો નિર્ણય કરવા તપાસપંચ બેસારવું પડે

બાને એ નહોતું ગમતું. પણ બા બિચારી શું કરે? બા પણ ફાટલાં-સાંધેલાં કપડાં જ મોટે ભાગે પહેરતી. કોરું-કડકડતું વસ્ત્ર મેં એના દેહ પર ભાગ્યે જ કોઈ વાર જોયું હશે. બા પોતે તો નભાવી લેતી, પણ બાપુજીનાં આવાં જીર્ણ વસ્ત્ર માટે ચિંતા કર્યા કરતી.

એટલામાં મારા મામા તરફથી ભાઈબીજના ત્રણ રૂપીયા રોકડા અને બીજી ખાવાની કેટલીક વસ્તુઓ આવી. બાએ મને થોડી બદામ, દ્રાક્ષ તથા પીપરમીંટની ગોળીઓ ખાવા આપી. નાના ભાઇને પણ થોડું આપ્યું. અમે બન્ને જણા રાજી થતા થતા, ચીંથરાંનો બનાવેલો એક દડો લઇને બહાર રમવા ગયા.

અમે રમતા હતા ત્યાં બાએ મને સાદ કર્યો. હું આવ્યો એટલે બાએ બહુજ ધીમેથી મારા કાનમાં કહેવા માંડ્યુંઃ

"આપણા કાપડીયાની દુકાન છે ને? ત્યાં જઇને એક ધોતીજોટાનું શું બેસશે તે પૂછી આવ. તારા બાપુજી માટે જરૂર છે, એમ પૂછે તો કહેજે. તારા બાપુજી ક્યાં છે એમ પૂછે તો બહારગામ ગયા છે એમ કહેજે. આજ કાલમાં આવી જશે."

દોડતોક હું કાપડીયાની દુકાને ગયો. એ શેઠના બે પુત્રો—મોહન તથા બદરી મારા દોસ્ત થતા હતા. એમણે મને જોઇને કહ્યું: "કેમ, તાકા ઉપરની છબીઓ લેવા આવ્યો છે ને?" મેં ના પાડી.

"હું તો ધોતી જોટાનો ભાવ પૂછવા આવ્યો છું," વધુમાં મેં ઉમેર્યું.

"કોના સારુ જોઇએ છે?"

"મારા બાપુજી સારુ. જેવો તેવો ધોતી-જોટો નહિ ચાલે. લંબાઈ-પહોળાઇમાં મારા બાપુજીને શોભે એવો જોઇએ. વાજબી કીંમત કહી દે! અને બે-ત્રણ નમૂના પણ ધોતી-જોટાના, ઘેર લઈ જઇને દેખાડવા માટે દે!"

મોહન મારવાડીએ બે-ત્રણ જાતના ધોતી-જોટા કાઢી આપ્યા. શેઠજીએ કહ્યું: "બતાવીને તરત પાછા આપી જજે."

"બધા કંઈ નહિ રાખી લઉં. રાખીશ તો કીંમત ચૂકવી આપીશ," મેં અભિમાનપૂર્વક જવાબ આપ્યો.

શેઠજી બબડવા લાગ્યા: "મોટો પૈસાદારનો છોકરો થઇ ગયો. બાપની પાસે તો દોઢીયું યે નથી ને છોકરો જાણે નવલશા!"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મને એ મેણું ન ગમ્યું. પણ મારા બાપુજી એના કરજદાર હતા, એટલે મારે મૂગે મોઢે સાંભળી લેવું પડયું સ્વમાનપૂર્વક જીવવું હોય એણે રાતી પાઇનું પણ દેવું ન રાખવું જોઇએ.

મેં એ ધોતીજોટા ઘેર લાવીને બાને બતાવ્યા. એમાંનો એક બાએ પસંદ કર્યો. કીંમત પણ બહુ નહોતી–ત્રણ, સાડા ત્રણની અંદર હતી

"આ એક રાખી લે, બાકીના દઈ આવ!" એમ કહીને બાએ બાકીના ધોતી જોટા અને રોકડા પૈસા મારા હાથમાં મૂકયા પૈસા ચૂકવી આવ્યો એટલે જોટામાંથી બે ધોતીયાં બાએ ફાડીને અલગ પાડ્યાં.

બાપુજી ગામતરેથી ઘેર આવ્યા, પણ એમને ધોતીજોટા વિષે કોઇએ વાત ન કરી. દીવાળીના સપરમા દિવસે મંગળ પ્રભાતે બા પોતે જ એ ધોતી બાપુજીને આપવાની હતી. હું એ વાત જાણતો હતો, છતાં મેં બાપુજીને ન કહ્યું. બાના કાવત્રામાં મારી પણ સામેલગીરી હતી.

દીપોત્સવી સ્વચ્છતાનું પર્વ છે એમ કહું તો ચાલે. આ પર્વમાં ઘેર ઘેર સાફસુફી થાય છે. જૂનું વર્ષ વિદાય લે છે તેની સાથે જૂનાં મેલ, કચરો, ગંદવાડ પણ વિદાયગીરી લે છે. ગંદવાડ જેવો ભયંકર અને પ્રાણઘાતક દુશ્મન બીજો નથી. રાક્ષસ બહુ બહુ તો સો માણસો ખાઇને ધરાતો હશે, પણ ગંદવાડ હજારો અને લાખો સ્ત્રી–પુરુષો-બાળકોનાં બલિદાન લેવા છતાં ધરાતો નથી. સ્વચ્છતા એ સ્ત્રીઓને વરેલી સ્વાભાવિક કળા છે. પુરુષ ગંદવાડ કરશે. સ્ત્રીજાતિ એને સાફ કરવામાં પોતાનું કર્ત્તવ્ય સમજશે. સ્ત્રીઓ જ્યાં ગંદી રહેવાને ટેવાયેલી હોય છે, સ્ત્રીઓ પોતે જ્યાં ગંદવાડને ઉત્તેજન આપતી હોય છે ત્યાં રોગ અને મૃત્યુને મહાલતાં કોઈ રોકી શકે નહિ. શ્રીકૃષ્ણ જ્યારે નરકાસુરનો વધ કરવા નીકળ્યા ત્યારે સત્યભામાએ કહેલું : "એ તમારા હાથથી નહિ મરે, એનું મોત મારા હાથથી નિર્માયેલું છે." અને સાચે જ સત્યભામાએ એ જવાબદારી પાર પાડી. નરકાસુર એટલે ગંદવાડ, સ્ત્રીજાતિ નરકાસુરનો સંહાર કરી શકે.

ઘરનું બૈરું બે–ચાર દિવસ બહાર ગયું હોય અને પુરુષ એકલો હોય એ વખતે એના ઘરની સ્થિતિ નિહાળો તો સ્વચ્છતા અને સ્ત્રી જાતિને કેટલો નિકટનો સંબંધ છે તે સમજાય. સ્ત્રીની ગેરહાજરીમાં પુરુષ ઘરમાંથી કચરો પણ નહિ કાઢે, વાસણ નહિ માંજે, કપડાં તો ધુએ જ શાનો? મોટે ભાગે સ્ત્રી ઉપર આધાર રાખી રહેલા પુરુષની એ જ દશા હોય છે. બે–ચાર દિવસની અંદર તો ઘરમાં ખાસો ઉકરડો ઊભો કરી વાળશે.

આજ કાલ આપણે ઘરનો કચરો શેરી કે રસ્તા ઉપર ફેંકી દઇએ એ ઠીક નથી કરતા. ઘરના રાક્ષસને શેરીમાં ધકેલવાથી શું દિ વળે?

દીવાળીના દિવસે અમે સૌ વહેલાં ઉઠ્યાં. બા તો આગલી રાત્રે સૌથી મોડી સૂતી હતી અને ઉઠી હતી પણ સૌની પહેલાં. અમે છોકરાં ન્હાઇ–ધોઇને પરવાર્યાં એટલે બાપુજી ન્હાવા ગયા.

ન્હાઇ રહ્યા પછી પોતાનું જૂનું ધોતીયું હાથ ન આવવાથી બાપુજીએ તપાસ કરી: "કયાં ગયું મારું ધોતીયું?"

"એ ધોતીયાના તો મેં શરીર લુછવાના ટુવાલ કરી વાળ્યાં. સાવ જળી ગયાં હતાં," બાએ જવાબ આપ્યો.

"ત્યારે હવે હું શું પહેરીશ? હજી એક મહિનો એ ધોતીયાથી નીકળી જાત!" બાપુજીએ જૂના ધોતીયાનાં પ્રશસ્તિગીત ગાવા માંડ્યાં.

"એની આવરદા આવી ગઇ હતી. મને એ જોઇને શરમ થતી હતી. રોજ ધોવા બેસું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને એમ થાય કે આજે તો હવે ફાડીને મસોતાં જ કરી વાળું." બાએ બરાબર સામો પક્ષ લીધો.

"તમને શરમ થાય, પણ શરમ થાય એટલે પૈસા કંઈ થોડા જ આકાશમાંથી વરસી પડે? પહેરવાં તો જોઈએ ને?"

હવે આ સંવાદ લંબાવવો ઠીક નહિ એમ ધારીને બાએ પેલું નવું ધોતીયુ કાઢી આપ્યું.

"ક્યાંથી આવ્યું? કોણ લાવ્યું?" બાપુજીએ આશ્ચર્ય દાખવ્યું.

"આપણા કાપડીયાને ત્યાંથી" બાએ બહુ ટૂંકામાં પતાવ્યું.

"પણ હવે આપણને એ ઉધાર તો આપતો જ નથી. મેં એક બે વાર એને પૂછી જોયેલું. પણ ઉધાર આપવાની ના પાડી. કહે કે પહેલાની બાકી ચૂકતે કરી જાવ, પછી નવું ખાતું પાડું" બાપુજીએ પોતાની સ્થિતિ સમજાવી.

"મેં રોકડેથી મંગાવ્યું."

"પૈસા ક્યાંથી કાઢ્યા?"

"મારી પાસે હતા."

"તારી પાસે ક્યાંથી આવ્યા?"

"મારા મોટા ભાઈએ ભાઈબીજના મોકલ્યા હતા."

"તારા ભાઈએ મોકલેલા પૈસામાંથી તારે પોતાને માટે લૂગડાં લેવાં જોઈએ તેને બદલે તેં મારા માટે લીધાં એ ઠીક ન કહેવાય. એ પૈસા ઉપર મારો હક્ક નથી પહોંચતો" બાપુજીના કંઠમાં આર્દ્રતા આવી.

"તમે ને હું જૂદાં છીએ? તમારો હક્ક ન પહોંચે, મારો હક્ક પહોંચે એ ક્યાંનો ન્યાય? આટલાં વર્ષ સાથે રહીને ગાળ્યાં–સુખ દુ:ખમાં એક બીજાંની પડખોપડખ રહ્યાં, છતાં તમે અને હું જૂદા છીએ એ ભાવના ને ગઈ? મારું સર્વસ્વ જેમ તમારું છે તેમ તમારું સર્વસ્વ મારું છે. ખરું પૂછો તો આપણી પાસે એવું છે જ શું? તમે નવું ધોતીયું પહેરો છો ત્યારે જાણે કે હું જ નવું વસ્ત્ર પહેરતી હોઉં એમ મને લાગે છે." બા પોતાનું અંતર ઠાલવતી હોય તેમ બોલી.

"હું નવાં કપડાં પહેરું ને તું તારાં ફાટલાં-જૂનાં વસ્ત્રોથી ચલાવી લે એ મારાથી જોયું નથી જાતું તું તારો એકલાનો આનંદ, સંતોષ જુએ છે, પણ મને કેટલું દુ:ખ થતું હશે તેની તને કલ્પના આવે છે?" બાપુજી વધુ ન બોલી શકયા.

"મારા આનંદ, સંતોષમાં તમારો પણ સરખો ભાગ છે. બાકી, તમારે પુરુષોને બહાર હરવાફરવાનું રહ્યું એટલે સારાં કપડાં જોઈએ. અમારે બૈરાંઓને ગમે તેવું હોય તો ચાલે. ઘરમાં અમારે કોને રૂપ કે ટાપટીપ બતાવવી છે? છતાંય તમારી પાસે બે પૈસા થાય ત્યારે મારા સારુ નવાં લુગડાં લેશો તો હું ના નહિ પાડું. પણ આજે દિવાળી છે, આજે આવી ચર્ચા ન શોભે. આજે આનંદનો દિવસ છે." બા જાણે કે ઉપસંહાર કરતી હોય તેમ બોલી.

તારા જેવી સહધર્મિણી મળી હોય અને આવા વિનયી પુત્રો જેને ઘેર કલ્લોલ કરતા હોય તેને રોજ દિવાળી જ કહેવાય! લોકો ભલે મને ગરીબ ગણે, પણ મારા સુખની ઈર્ષા તો ભલભલા ચમરબંધીઓ કરે એવી મારી ઘરની સ્થિતિ છે." બાપુજીના આ ઉદ્ગાર સાંભળ્યા પછી, મારા બાપુજી સંસારી હોવા છતાં પરમહંસસ્વરૂપ હોય એમ મને થયું.

એ પછી બાપુજી નવું ધોતીયું પહેરીને બહાર આવ્યા. અમારા કરતાં પણ બાને એ જોઈને અધિકો આનંદ થયો. એ આનંદ સામાન્ય માનવી સમજી પણ ન શકે. પ્રેમપૂર્વક કરેલા ત્યાગમાં જે તૃપ્તિ રહેલી છે તે તો જેણે એવો ત્યાગ કર્યો હોય તે જ સમજે. શબ્દોમાં એવો આનંદ વર્ણવવાની તાકાત નથી.



For Private And Personal Use Only

# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ..................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ..................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

## પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ: 'શાપરીઆ' શીવરી-મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## શ્રેયસ જૈન મિત્ર મંડળના ઉપક્રમે યોજાઈ ગયેલ સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓનો ભવ્ય પારિતોષિક સન્માન સમારંભ

શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળના ઉપક્રમે ટાઉન હોલમાં સમાજનાં તેજસ્વી ૩૦૦ ઉપરાંત વિદ્યાર્થી ભાઈ–બહેનોને સન્માનવાનો અને પારિતોષિક એનાયત કરવાનો સમારંભ તા. ૬–૮–૭૮ ને રવિવારના રોજ મુંબઈ નિવાસી શેઠશ્રી ઇન્દ્રવદન આર. શાહના પ્રમુખસ્થાને અને બિપીનભાઈ એફ. તંબોળીના અતિથિ વિશેષપદે યોજાય ગયેલ.

સમારંભનો માંગલિક પ્રારંભ કુ. રેખા શાહની વિર પ્રભુની સ્તુતિના ગાનથી થયેલ. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત પ્રવચન પ્રવિણ પારેખે કરેલ. ત્યાર બાદ સંદેશાઓનું વાંચન શ્રી અરવિંદ મહેતાએ કરેલ. પ્રમુખશ્રી અને અતિથિ વિશેષશ્રીની ફુલહાર વિધિ શ્રી કાંતિલાલ આર. શાહ અને મહેન્દ્ર પારેખે કરેલ.

સંસ્થાના વિવિધ કાર્યોની રૂપરેખા મંત્રીશ્રી નવીનભાઈ કામદારે રજુ કરેલ.

ત્યાર બાદ પ્રમુખશ્રી તથા અતિથિ વિશેષનો પરિચય શ્રી પ્રવિણ સંઘવી અને મનુભાઈ શેઠે આપેલ. સમાજમાં ધાર્મિક શિક્ષણ આપતાં બહેનશ્રી મધુકાંતાબેન પારેખને અર્પણ થનાર સન્માન પત્રનું વાંચન નગીનદાસ એલ. શાહે કરેલ. અને સન્માનપત્ર તથા ફૂલહાર અને ફૂલ પાંખડી અર્પણ વિધિ શ્રીમતી હસુમતીબેન જયસુખલાલ(મહુવાવાળા)ના વરદહસ્તે થયેલ. આ ઉપરાંત શ્રી જૈન આત્માનંદ સભા તરફથી એસ.એસ.સી. પ્રથમ વિદ્યાર્થી અને સંસ્કૃતમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીનીને રૂા. ૫૧/–નું ઇનામ હીરાલાલ ભાણજીના વરદહસ્તે એનાયત કરવામાં આવેલ. સમારંભ પ્રમુખશ્રીનાં માતુશ્રી ચંદનબેનના વરદહસ્તે સમાજનાં ઉચ્ચ ધાર્મિક અભ્યાસ ધરાવતાં હિતેશ તેમજ હરેશને ઇનામ એનાયત કરવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચન પ્રો. નિલાબેન ઓઝાએ કરેલ. મુંબઈથી ખાસ ઉપસ્થિત શ્રી કાંતીલાલ જે. શાહે પોતાની વિશિષ્ટ શૈલીમાં પોતાનું પ્રાસંગિક પ્રવચન કરેલ,

ત્યારબાદ સમારંભ પ્રમુખશ્રી ઇન્દ્રવદનભાઈએ વ્યાવહારીક કેળવણી સાથે થતાં ધાર્મિક કાર્યની પ્રશંસા કરી પ્રેરક ઉદ્‌બોધન કરેલ. અતિથિ વિશેષ શ્રી મનમોહનભાઈ તંબોળીએ 'શ્રેયસ'નાં આ કેળવણીના કાર્યને બિરદાવેલ.

આવતા વર્ષે એટલે કે ૧૯૭૯ના વર્ષ માટેનાં ઈનામો આપવા અંગેનાં નામો પણ અગાઉથી જાહેર થવા પામ્યા હતાં.

આ પ્રસંગે મુંબઈથી ખાસ ઉપસ્થિત રહેલ માનવ કલ્યાણ કેન્દ્રના કન્વિનર શ્રી શશિકાન્તભાઈ ઝવેરી, શ્રી જયેન્દ્રભાઈ આર. શાહ અને શ્રી રસિકભાઈ દોશી વગેરેએ શુભેચ્છા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાઠવેલ. વિજેતાઓને પારિતોષિકો, ઈનામ વિતરણ અને સન્માનપત્ર પ્રમુખશ્રી અને અતિથિ વિશેષનાં વરદહસ્તે એનાયત થયેલ.

આભાર વિધિ કીર્તિ આર. શાહે કરેલ. સમારંભનું સમગ્ર સફળ સંચાલન શ્રી નવિનભાઈ કામદારે કરેલ.

## સને ૧૯૭૮ના "શ્રેયસ પારિતોષિક યોજના" ના પ્રથમ ત્રણ વિજેતાઓ

| શ્રેણી ૫ | ટકા |
|---|---|
| શાહ દર્શીનભાઈ હસમુખલાલ | ૮૮.૫ |
| સોમાણી ધર્મેન્દ્ર પ્રતાપરાય | ૮૨.૩૩ |
| ભીમાણી સેફાલી ભરતભાઈ | ૮૨.૨૫ |
| **શ્રેણી ૬** | |
| સંઘવી રાહુલ જસવંતરાય | ૮૫.૪૨ |
| વેલાણી પ્રકાશ જયંતીલાલ | ૮૧.૨૮ |
| મહેતા જતીન કિર્તીકાંત | ૮૧.૧૬ |
| **શ્રેણી ૭** | |
| ઘોઘારી પ્યાસા રસિકચંદ્ર | ૮૬.૩૩ |
| શાહ ધર્મિષ્ઠા હિરાલાલ | ૮૬.૦૦ |
| શાહ સુનિતા રજનીકાંત | ૮૪.૬૬ |
| **શ્રેણી ૮** | |
| મહેતા હિમાંસુ રમણીકલાલ | ૯૧.૪ |

| શ્રેણી ૮ | ટકા |
|---|---|
| શાહ અમીતા નવિનચંદ્ર | ૯૦.૭ |
| શાહ વિજય મનસુખલાલ | ૮૨.૪ |
| **શ્રેણી ૯** | |
| બગડીયા પરેશ રમણીકલાલ | ૮૪.૨૮ |
| શાહ ભાવના હસમુખલાલ | ૮૦.૮ |
| શાહ કેતના અનંતરાય | ૭૭.૮ |
| **ન્યુ એસ. એસ. સી.** | |
| શાહ હિતેશ બળવંતરાય | ૮૨.૦૦ |
| વકીલ મનીશ નિર્મળકાંત | ૭.૬૩ |
| શાહ જ્યોતિ પ્રતાપરાય | ૭૫.૫૭ |
| **હાયર સેકન્ડરી** | |
| દોશી વર્ષા હસમુખરાય | ૭૫.૩૭ |
| મહેતા ધિરેન્દ્ર વિનોદરાય | ૬૮.૨૮ |
| વકીલ નિશા નિર્મળકાંત | ૬૬.૧૨ |

## સને ૧૯૭૮ના 'શ્રેયસ પારિતોષિક યોજના'ના ઉચ્ચ ગુણાંક મેળવી અભિનંદનનાં અધિકારી બનતા સ્નાતક ભાઈ–બહેનો

મહેતા મયુર હસમુખલાલ (એમ.બી.બી.એસ.)
શાહ મનોજ અનંતરાય (એમ.બી.બી.એસ.)
શાહ કિરણ નવિનચંદ્ર (એમ.બી.બી.એસ.)
શાહ રમેશ રતીલાલ (એમ.એસ.સી.)
શાહ નરેન્દ્ર વસંતરાય (ડી.સી.ઈ.)
શાહ દીપક મણીલાલ (ડી.સી.ઇ.)
મહેતા વિરલ હસમુખલાલ (ડી.ઈ.આર.ઇ.)
શાહ દિલીપ હિરાલાલ (બી.કોમ.)
શાહ કલ્પના ચંદ્રકાંત (બી.કોમ.)
પારેખ રાજેશ જશવંતરાય (બી.કોમ.)
શાહ મૃદુલા જગજીવનદાસ (બી.એ.)
શાહ વિરાજ રમણીકલાલ (બી.એ.)
દોશી હર્ષા પ્રવિણચંદ્ર (બી.એ.)

ઉત્તરોત્તર કેળવણીના સોપાનો સર કરો એજ અભ્યર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી હિતેશ બળવંરાય શાહ

**શ્રી** હિતેશ બળવંતરાય શાહ. ૧૯૭૮ માર્ચમાં લેવાયેલ ન્યુ. એસ. એસ. સી. પરીક્ષામાં ૮૨% માર્કસ સાથે ઊતિર્ણ થઈ ભાવનગર કેન્દ્રમાં ત્રીજે નંબરે આવેલ છે અને જૈન વિદ્યાર્થીઓમાં પ્રથમ આવેલ છે તેથી શ્રી જૈન આત્માનંદ સભા તરફ થીતેમને **રૂા. ૫૧/-નું શ્રી આત્મ-કાન્તિ પારિતોષિક પ્રાપ્ત થાય છે તે બદલ તેમને અભિનંદન.**

શ્રી હિતેશે ગત વર્ષે લેવાયેલ રામાનુજમ ગણિત સ્પર્ધામાં ભાવનગર કેન્દ્રમાં પ્રથમ સ્થાન મેળવી રૂા. ૧૦૦/- નું પારિતોષીક મેળવેલ છે.

ધાર્મિક ક્ષેત્રે પણ તેમણે નવતત્વ સુધી અભ્યાસ કરેલ છે.

શ્રેયસ પારિતોષિક યોજનામાં ૧૯૭૮ માં ન્યુ એસ. એસ. સી.માં પણ તેમણે પ્રથમ સ્થાન મેળવેલ છે. અભિનંદન.

કુ. આશા અરવિંદરાય શાહ હાલમાં માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ ભાવનગરમાં અભ્યાસ કરે છે તેઓ ૧૯૭૮ માર્ચમાં લેવાયેલ ન્યુ એસ. એસ. સી. પરીક્ષામાં ૭૪ ૪ ટકા માર્કસ સાથે પ્રથમ વર્ગમાં ઊત્તિર્ણ થયેલ છે. તેમણે આ પરીક્ષામાં સંસ્કૃતમાં ૯૩ માર્કસ મેળવી ભાવનગરના જૈન વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ, તે બદલ આ સંસ્થા તરફથી તેમને રૂા ૫૧/-નુ **શેઠ દેવચંદ દામજી સંસ્કૃત પારિતોષિક મળે છે.** અભિનંદન.

તેમણે ધાર્મિક અભ્યાસ પંચ પ્રતિક્રમણ તેમજ નવસ્મરણ સુધીનો કરેલ છે. આ ઉપરાંત શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ-મુંબઈ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં ધોરણ ૧લું, બીજું, ત્રીજામાં સારા માકર્સ મેળવી ઉત્તીર્ણ થયેલ છે.



કુ. આશા અરવિંદરાય શાહ

આ સાથે સ્થાનિક શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળ દ્વારા અપાતા 'શ્રેયસ પારિતોષિક' ધોરણ ૫થી સતત દર વર્ષે ધોરણ ૧૦ સુધી મેળવતાં રહેલ છે. તેમને ઉજ્વળ ભાવિ કારકીર્દી માટે શુભેચ્છા સાથે અભિનંદન.

## સભા સમાચાર

દર વર્ષની માફક આ વર્ષે શ્રી જૈન આત્માનંદ સભાના કેળવણી ફંડમાંથી કોલેજ તેમજ હાયર સેકન્ડરીમાં અભ્યાસ કરતાં જરૂરીઆતવાળા ૬ વિદ્યાર્થીઓને દરેકને વાર્ષિક રૂા. ૫૦)ની સ્કોલરશીપ મંજુર કરવામાં આવી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " વિદ્યાલય દર્શન "

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન ઓલ્ડ બોયઝ યુનિયને " વિદ્યાલય દર્શન " નામક માસિક મુખપત્ર શરૂ કરેલ છે. આ મુખપત્રના પ્રકાશનનો હેતુ અગ્રલેખમાં જણાવ્યું છે તેમ, ( ૧ ) માતૃસંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંદેશવાહકરૂપે અ. પૂર્વ વિદ્યાર્થીઓ અને આ. પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સમાજને માતૃસંસ્થાની પ્રવૃત્તિઓથી માહિતગાર કરવો. ( ૨ ) વિદ્યાલય પરિવારના ૪૫૦૦ કુટુંબો વચ્ચે કડીરૂપ બનવું અને વિદ્યાલય પરિવારની પ્રવૃત્તિથી એકબીજાને માહિતગાર કરવા અને અન્યોન્ય ઉપયોગી થઇ શકય એવું માધ્યમ પુરૂ પાડવું અને ( ૩ ) વિદ્યાલય પરિવારના કેટલાંય ભાઈઓ સારાં સ્થાને છે એનો ઉપયોગ માતૃસંસ્થામાંથી તાજેતરમાં છૂટા થતાં વિદ્યાર્થીઓને સહાયરૂપ થવાનો છે અત્રે એ નોંધવું રસપ્રદ થશે કે અત્યાર સુધીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાંથી ૪૫૦૦ થી યે વધુ વિદ્યાર્થીઓ છૂટા થયા છે. એ દૃષ્ટિએ આ માસિક મુખપત્રનું પ્રકાશન આવકાર્ય બની રહે છે. તંત્રીઓ તરીકે શ્રી હીંમતલાલ શાંતિલાલ ગાંધી અને શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ છે.

## "ઘોઘારી જૈન દર્શન"નો જાહેર પ્રકાશન સમારંભ

શ્રી ઘોઘારી જૈન સેવા સંઘના ઉપક્રમે બૃહદ ભારતવર્ષના શ્રી ઘોઘારી વીસાશ્રીમાળી જૈન સમાજના માસિક મુખપત્ર "ઘોઘારી જૈન દર્શન"નો જાહેર પ્રકાશન સમારંભ તા. ૧૩–૬–૧૯૭૮ ને મંગળવારના સાંજના ૬–૩૦ કલાકે રામબાગ સી. પી ટેંક ખાતે જાણીતા તત્ત્વચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખસ્થાને યોજાયેલ. જૈન સમાજના અગ્રણી શ્રી જયંતિલાલ રતનચંદ શાહ તથા શ્રી ભાસ્કરભાઈ વિઠ્ઠલદાસ શાહ અતિથિ વિશેષ તરીકે પધારેલ.

કાર્યક્રમનો પ્રારંભ પ્રા. જયેન્દ્રભાઈ શાહના મંગલ ગીતથી થયો. શ્રી ઘોઘારી જૈન સેવા સંઘના પ્રમુખશ્રી શાંતિલાલ નાગરદાસ શાહે વિશાળ શ્રોતાગણનો ભાવભીનો સત્કાર કરતાં જણાવ્યું કે જ્ઞાતિના અમારા આ પત્રને અનુરૂપ, યુવાન, ઉત્સાહી, સાહિત્ય રસીક તંત્રીઓ શ્રીયુત પન્નાલાલ આર. શાહ તથા શ્રીયુત નગીનદાસ વાવડીકર મળી ગયા તે અમારા સદ્ભાગ્યની વાત છે. એ પછી શ્રીમતી કુસુમબેન અનંતરાય શાહે સ્વાગત ગીત રજુ કરેલ.

પ્રાસંગિક પ્રવચનોમાં ઘોઘારી જ્ઞાતિના મંત્રીશ્રી જગજીવનદાસ પોપટલાલ શાહ, શ્રી કાંતિલાલ જીવરાજ શાહ, શ્રી જયંતભાઇ એમ. શાહ, શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રાધ્યાપક શ્રી યશવંત ત્રિવેદી, અતિથિ વિશેષ શ્રી જયંતિલાલ રતનચંદ શાહ તથા શ્રી ભાસ્કરભાઈ વી. શાહ વિગેરેએ પ્રાસંગિક વક્તવ્યો દ્વારા આ પત્રની સફળતા ઇચ્છવા સાથે શ્રી ઘોઘારી સેવા સંઘની વિવિધ પ્રવૃત્તિઓ બદલ પોતાનો હર્ષ વ્યક્ત કર્યો.

સંદેશાઓનું વાંચન શ્રી જયંતિલાલ ગોપાળજી શેઠે કરેલ. આવેલા સંદેશાઓમાં પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ, પૂ. પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ "કુમારશ્રમણ" વિ.ના સંદેશાઓ મુખ્ય હતા.

આ મુખપત્રની પ્રકાશન વિધિ યુવાન અગ્રણી શ્રી ઈન્દ્રવદન રતીલાલ શાહના શુભ હસ્તે કરવામાં આવી.

પ્રમુખ સ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે મનનીય પ્રવચન કરેલ.

સંસ્થાના મંત્રીશ્રી જયસુખલાલ ચી. વોરાએ આભારવિધિ કરી હતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અંબાલામાં પૂ. આચાર્યશ્રીનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

તા. ૧૬-૭-૭૮ના રોજ પંજાબ કેસરી પૂ આ વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ના પટ્ટધર જીનશાસન રત્ન પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. આ. શ્રી ઈંદ્રદીનસૂરીજી મ. તથા ગણીવર્ય શ્રી જનકવિજયજી મહારાજ તથા આદી ઠાણા ૧૨નો ચાતુર્માસ પ્રવેશ હોય અંબાલા શહેરના તમામ બજારો સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા પંજાબના ગામે ગામથી ગુરૂભક્તો આવ્યા હતા. મુંબઈની અનેક સંસ્થાઓના આગેવાનો અંબાલા પધાર્યા હતા. અંબાલા શહેરમાં પૂ. આ. શ્રી વિજયઈન્દ્રદીનસૂરીજી મહારાજ આદીનો ચાતુર્માસ પ્રવેશ થતા લોકોનો ઉત્સાહ ઘણો હતો.

*



### ભાવનગર (નૂતન ઉપાશ્રયે) પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. સાહેબની શુભ નિશ્રામાં થયેલ

## અપૂર્વ આરાધના

દીપક વ્રતના ૫૦૦ એકાસણા.

શ્રી અરિહંત ભગવંતના ૫૫૦ (૧૨૫ નોકારવાળીપૂર્વક) સાડાબાર હજારના જાપ-પૂર્વકના એકાસણા

રોહિણી તથા વીશ સ્થાનકના ૩૫૦ ઉપવાસ ને ૧) રૂા.ની પ્રભાવના.

શ્રી દ્વાદશાંગી (આગમ)ના ૪૦૦ મગના આયંબિલ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના અત્તરવાયણા પારણાપૂર્વક અખંડ જાપ સાથે (૧૨૫ નોકારવાળી સહિત) ૩૫૦ અઠ્ઠમો. ૫) રૂા., બે શ્રીફળ આદિ ૧૮ પ્રભાવના થયેલ.

શ્રી પાર્શ્વનાથ મોક્ષકલ્યાણકની આરાધના નિમિત્તે ૭૦૦ લુખી નિવી ને પ્રભાવના.

છન્નું (૯૬) જીનના ૧૧૦૦ (અગ્યારસો) એકાસણા ને પ્રભાવના.

નવ લાખ નવકાર મંત્રની આરાધના નિમિત્તે ૪૦૦ ચણાના આયંબિલ ને ૨) રૂા., શ્રીફળ આદિ નવ પ્રભાવના થયેલ ને સામુદાયિક નવ લાખ નવકાર મંત્રની આરાધના થયેલ.

સિદ્ધાચલજીના છઠ્ઠ અત્તરવાયણા ને પારણાપૂર્વક થતાં ૩૫૦ છઠ્ઠ ને ૨) રૂા., શ્રીફળ આદિની પ્રભાવના થયેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિદ્ધચક્ર ભગવંતના સામુદાયિક ૩૭૫ આયંબિલ ને ૧) રૂા., શ્રીફળ આદિ નવ પ્રભાવના થયેલ.

ઉપરોક્ત બધી આરાધના વ્યાખ્યાન બાદ સામુદાયિક વિધિ સહિત ને નોકારવાળી, સાથિયા ને કાઉસગ્ગપૂર્વક, અને આયંબિલ, એકાસણાની ભક્તિ અત્રે જુદા જુદા ભાવુકો તરફથી થયેલ.

## શાસ્ત્રીનગર–ભાવનગરમાં
## નૂતન જિનાલયનું ખાતમુહૂર્ત તથા શિલાસ્થાપન વિધિ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની મંગલ પ્રેરણાથી શાસ્ત્રીનગરમાં ભવ્ય જિનાલય થનાર છે. તેનું ભૂમિપૂજન (ખનન) વિ. સં. ૨૦૩૪ શ્રાવણ સુદ ૧૩ ને બુધવાર તા. ૧૬–૮–૭૮ના રોજ શેઠશ્રી લહેરચંદ છોટાલાલ મહેતાના વરદ્ હસ્તે થયેલ, ને સંઘપૂજા તથા સાકરના પડાની પ્રભાવના તથા સમૂહ સ્નાત્ર પૂજા થયેલ. અને શ્રા. સુદ ૧૪ ને ગુરૂવાર તા. ૧૭–૮–૭૮ના રોજ નૂતન ઉપાશ્રયેથી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત ચતુર્વિધ સંઘ સહિત વાજતે ગાજતે શાસ્ત્રીનગર પધારેલ અને પ્રવચન ફરમાવેલ. શાહ વૃજલાલ રતીલાલ દૂધવાળા વતી શ્રી અંતુભાઇ ગીરધરલાલ જસપરાવાળાએ શિલાસ્થાપન વિધિ કરેલ. પૂ. આચાર્ય ભગવંતે વિજય મુહૂર્તે શિલાસ્થાપન ઉપર વાસક્ષેપ દ્વારા અધિવાસના કરેલ અને તે જ સમયે વર્ષા થવાથી આનંદનું મોજું ફરી વળેલ. વિધિ કુંવરજીભાઇ માસ્તરે કરાવેલ. સમૂહ સ્નાત્ર પૂજા, દેવવંદન થયેલ અને સોસાયટી તરફથી સમગ્ર ભાવનગર સંઘમાં પાંચ પાંચ લાડવાની શેષ આપવામાં આવેલ, ને આ પુણ્ય પ્રસંગે મુંબઇથી ભાવુકો સારી સંખ્યામાં પધારેલ. તે દિવસે સામુદાયિક ૧૦૦) આયંબિલ થયેલ ને શ્રીફળની પ્રભાવના થયેલ. શાસ્ત્રીનગર નૂતન જિનાલયનું શુભ મંગલ કાર્ય પૂજ્યશ્રીજીના ઉપદેશથી પ્રારંભ થયેલ છે.

## ભાવનગર સંઘમાં થયેલ તપશ્ચર્યાઓ

| ઉપવાસ :– | ૩૦ | ૨૧ | ૧૬ | ૧૫ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૨ | ૩ | ૯ | ૧ | ૧૩ | ૨ | ૧૨ | ૧૩૩ | ૨૧ | ૧૩ | ૫૭ | ૩૪ |

| અઠ્ઠમ | સિદ્ધિતપ | શ્રેણીતપ | ક્ષીરસમુદ્ર |
|---|---|---|---|
| ૩૦૯ | ૮ | ૧ | ૫ |

આદિ ૧૧૦૦ તપસ્વીઓના પારણા થયેલ ને રૂપીયા, શ્રીફળ, સાકરને સીક્કાની પ્રભાવના થયેલ. વીસ હજાર ભાવુકોનું સ્વામીવાત્સલ્ય ચૈત્ય પરિપાટી ને રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. ૫૧ ચોસઠ પહોરી પૌષધવાળાને પૂજાની જોડ, પૂજાની પેટી, કટાસણું, એક હજાર ગ્રામ સાકર ને એક હજાર ગ્રામ પતાસા, ૨૦૦ ગ્રામ બદામ, રૂા. ૨૫ા (સવા પચીસ રૂપીયા રોકડા) ૫૦૦ ગ્રામ મીઠાઇ ને બે શ્રીફળ આદિ ૪૮ પ્રભાવના થયેલ એક એકને લગભગ સો રૂપીયા ઉપરની વસ્તુ આવેલ.

પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ સા.ના ૫૦ વર્ષના દીક્ષા પર્યાય (કારતક વદ ૧૦) નિમિત્તે બે મોટા રૂમોનો આદેશ આયંબીલ ખાતામાં આપવામાં આવેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં ઉપયોગી પ્રકાશનો

## શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા

(૧) અધ્યાત્મકલ્પદ્રુમ : રચયિતા : આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ
ભાષાંતર તથા વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા
[ છઠ્ઠી આવૃત્તિ : કિંમત રૂા. ૮ ]

(૨) જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ત્રીજી આવૃત્તિ : કિંમત રૂા. ૪ ]

(૩) આનંદઘનજીના પદો : ભાગ પહેલો [અપ્રાપ્ય] વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ

(૪) આનંદઘનજીના પદો : [ભાગ બીજો] વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
(અપ્રાપ્ય) સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ [ કિંમત : રૂ. ૧૦ ]

(૫) આનંદઘન ચોવીશી : વિવેચક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ [ કિંમત રૂ. ૮ ]

(૬) શ્રી શાંતસુધારસ : રચયિતા : મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજ
વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ચોથી આવૃત્તિ : કિંમત રૂા. ૧૫ ]

## જૈન આગમ-ગ્રંથમાળા

(૧) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च [ પૃષ્ઠ સંખ્યા : ૭૬૨ : કિંમત રૂ૦ ૪૦ ]
(૨) ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા : ૫૦૨ : કિંમત રૂ૦ ૩૦ ]
(૩) ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग २ [ પૃષ્ઠ સંખ્યા : ૯૩૨ : કિંમત રૂ૦ ૪૦ ]
(૪) ग्रन्थांक ४ : वियाहपण्णत्तिसुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા : ૫૪૪ : કિંમત રૂ૦ ૪૦ ]
(૫) ग्रन्थांक २ : (१) आचारांगसुत्त [ પૃષ્ઠ સંખ્યા : ૫૧૨ : કિંમત રૂ૦ ૪૦ ]
(૬) ग्रन्थांक १५ : दसवेयालियसुत्तं, उत्तरज्झयणाइं, आवस्सयसुत्तं
[ પૃષ્ઠ સંખ્યા : ૭૫૬ : કિંમત રૂ૦ ૫૦ ]

## અન્ય ઉપયોગી પ્રકાશનો

(૧) કાવ્યાનુશાસન : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ૦ કિંમત રૂ૦ ૧૫-૦૦
(૨) યોગશાસ્ત્ર : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ૦ કિંમત રૂ૦ ૧-૨૫
(૩) અષ્ટક પ્રકરણ : આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ૦ કિંમત રૂ૦ ૦-૨૫
(૪) The Systems of Indian Philosophy :
Late Shri V. R. Gandhi ० કિંમત રૂ૦ ૫-૦૦
(૫) સુવર્ણ મહોત્સવ ગ્રન્થ : ( ભાગ ૧-૨ ) ૦ કિંમત રૂ૦ ૫૦-૦૦
સભ્યો અને સંસ્થાઓ માટે ૦ કિંમત રૂ૦ ૨૫-૦૦
(૬) New Documents of Jaina Painting :
Dr. Moti Chandra & Dr. U. P. Shah ० કિંમત રૂ૦ ૧૨૫-૦૦

પ્રાપ્તિ સ્થાન : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિમાર્ગ : મુંબઈ-૩૬
શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ला. द. भारतीय संस्कृति विद्यामंदिरना मूल्यवान प्रकाशनो

| | |
|---|---|
| लावण्यसमयकृत नेमिरंगरत्नाकर छंद | १० |
| जिनमाणिक्यगणिकृत रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी | १० |
| रत्नप्रभसूरिकृत रत्नाकरावतारिका भाग २–३ | १८ |
| अज्ञातकर्तृक कल्पलताविवेक | ३२ |
| आ० हरिभद्रसूरिकृत शास्त्रवार्तासमुच्चय (हिन्दी अनुवादसहित) | ३० |
| धनपालकृत तिलकमंजरीसार | २० |
| आ० हरिभद्रकृत नेमिनाहचरिउ भाग १–२ | १०० |
| प्रमाणवार्तिकभाष्यकारिकार्धपादसूचि | १० |
| प्राकृत जैन कथा साहित्य | २० |
| उपा० हर्षवर्धनकृत अध्यात्मबिंदु | २० |
| चक्रधरकृत न्यायमंजरीग्रन्थिभंग | ५० |
| जिनभद्रसूरिकृत मदनरेखा आख्यायिका | ४० |
| प्राचीन गुर्जर काव्यसंचय | १६ |
| जैन प्रकरण संग्रह | २० |
| सणतुकुमारचरिय | ८ |
| इसिभासियाइं | २० |
| हैमनाममालाशिलोंछ | २० |
| न्यायमंजरी (प्रथम आह्निक) गुजराती अनुवाद सह | १६ |
| जिनेश्वरसूरिकृत गाहारयणकोष | २० |
| जयवंतसूरिकृतऋषिदत्तारास | १६ |
| इन्दहंसकृत भुवनभाणुकेवलिचरिय | १६ |
| शशधरकृत न्यायसिद्धान्तदीप (गुणरत्नसूरिकृत टिप्पण सहित) | ४५ |
| बौद्धधर्मदर्शननी पायानी विभावना (गुज.) | ८ |
| साधारणकृत विलासवईकहा | ४० |
| More Documents of Jaina Paintings and Gujarati Paintings by Dr. U. P. Shah | 76 |
| Aspects of Jaina Art and Architecture | 150 |
| Indian Phiosophy by. Pt. Sukhlalji | 30 |
| Vasudevahindi-an authentic Jain version | 150 |
| Atonements in the Ancient Ritual of the Jaina monks | 50 |
| Jain Concept of Omniscience | 50 |
| Dictionary of Prakrit Proper Names Pt. I-II | 67 |
| Jaina Ontology | 50 |
| A Critical Study of the Mahapurana of Puspadanta | 50 |
| Akalanka's Criticism of Dharmakirti's Philosophy | 50 |
| The Natyadarpana–A Study | 50 |
| Catalogue of Mss. Pts. 1–4 | 160 |
| Catalogue of Mss. Jesalmar Collection | 50 |
| Early Jainism | 28 |
| Mahavira and His Teaching | 50 |
| Amrtacandra's Laghutattvo-Sphota | 50 |
| Treasures of Jain Bhadaras | 25 |
| रत्नचूडरास | ४–२० |
| प्रद्युम्नकुमार–चउपई | ८–६० |

卐

प्राप्तिस्थान : लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर
गुजरात युनिवर्सिटी, बस स्टेन्ड पासे, अमदावाद ३८०० ०९ फोन : ४२४६३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

જૈન સમાજના અગ્રણી, ભાવનગર જૈન સંઘના ભૂતપૂર્વ મંત્રી, શેઠશ્રી જગજીવનદાસ ભગવાનદાસ શાહ તા. ૩૧-૮-૭૮ સંવત ૨૦૩૪ના શ્રાવણ વદ ૧૩ ગુરુવારના રોજ બપોરે ૮૮ વર્ષની વયે સ્વર્ગવાસ થયા છે. તેથી જૈન સમાજને એક મહાન ખોટ પડી છે. તેઓશ્રી જૈન સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવતા હતા. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેમના અવસાનથી આ સભા શોકની ઘેરી લાગણી અનુભવે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ. તેઓશ્રીએ શ્રી સંઘના સેક્રેટરીપદે રહી વર્ષો સુધી સેવા કરી હતી અને તેઓશ્રીના હસ્તે સંઘના ઘણા જ શુભ કાર્યો થયા હતા.

× × ×

શેઠ કેશવલાલ દામોદરદાસ ઉંમર વર્ષ ૭૩ રવિવાર તા. ૨-૯-૭૮ના રોજ સ્વર્ગવાસ થતા આ સભા ખુબ શોકની લાગણી અનુભવે છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, ધાર્મિક પ્રવૃત્તિઓમાં ખૂબ રસ લેતા હતા, તેમજ જૈન સમાજમાં આગળ પડતો ભાગ લેતા હતા. સદ્‌ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.


卐 સધવા-વિધવા બેનોને આશીર્વાદ રૂપ આ સંસ્થા છે. 卐

સંસ્કાર અને સદાચારને પોષક શિક્ષણ સંસ્થા

## શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થા

ધાર્મિક અભ્યાસ, ભરત-ગુંથણ અને સિલાઈના શિક્ષણ સાથે સંસ્કાર ઘડતરનું કાર્ય અહિં થાય છે. સંસ્થા સધવા-વિધવા બેનોને ગમે તે સમયે દાખલ કરે છે. તો દાખલ થવા માટે પ્રવેશ ફોર્મ રૂા. ૧=૨૫ મોકલી મંગાવો.

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલીતાણા (સૌ.)

૪૫ વર્ષથી આ મહાન સંસ્થા ચાલે છે.

卐 ગિરિરાજની યાત્રાએ પધારો ત્યારે સંસ્થાની મૂલાકાતે પધારો ! 卐


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. G.BV. 31

# શાંતિનું સ્વરૂપ

આચાર્ય બુદ્ધિસાગરસૂરિશ્વરજી

સત્ય શાંતિશોધક માન અને અપમાનને સમ ગણે, માન અને અપમાન કંઈ આત્માનો ધર્મ નથી, એટલે જ જ્ઞાની માન અપમાનમાં સામ્યપણું ધારણ કરે છે.

કનક અને પાષાણ પણ પૃથ્વીકાયનાં દલીકો છે, તે જડ છે, તે સત્ય રૂદ્ધિ નથી. તો તેમાં ઈષ્ટાનિષ્ટપણું હું કેમ કલ્પું? ભવ્ય જીવ એ માં સમભાવ ધારણ કરે, એટલે કે રાગ-દ્વેષનો નાશ થાય એવી દશામાં જ શાંતિરૂપ નાવથી સંસારરૂપ સમુદ્રને તરી જવાય. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે—

लाभालाभे सुखदुःखे, जीविते मरणे तथा,
स्तुतिनिन्दाविधाने च, साधवः समचेतसः ।

લાભમાં, અલાભમાં, સુખમાં, દુઃખમાં, જીવવામાં, મરણમાં, સ્તુતિમાં, નિન્દામાં ઉત્તમ સાધુ સમભાવ ધારણ કરનાર હોય છે.

શ્રી યશોવિજયજી મહારાજ અધ્યાત્મ ઉપનિષદ્‌માં જણાવે છે કે—

अन्तर्निमग्नः समतासुखाब्धौ, बाह्ये सुखे नो रतिमेति योगी ।
अटत्यटव्यांक इवार्थलुब्धे, गृहे समुत्सर्पति कल्पवृक्षे ॥

સમતા સુખરૂપ સાગરમાં નિમગ્ન થયેલ યોગી બાહ્ય વસ્તુના સુખમાં રતિ ધારણ કરતો નથી. પોતાના ઘરમાં કલ્પવૃક્ષ ઉત્પન્ન થતાં કોણ બાહ્ય વન વિગેરેમાં પરિભ્રમણ કરે! સમતાભાવ ઉત્પન્ન થતાં સર્વ રૂદ્ધિ ઘટમાં ભાસે છે. માટે સમતાયોગનું વિશેષતઃ સેવન કરવું.

સમતા વિના તપશ્ચર્યા ક્રિયાની નિષ્ઠા છે, તે પ્રતિષ્ઠા માત્ર ઉત્પન્ન કરનારી છે, અને સ્વર્ણનું, ચિંતામણિરત્ન, કામકુંભોને પણ કાણીકોડીના સમાન સમતા વિનાનો પુરૂષ કહે છે. (લેખે છે.)

# પવિત્ર દર્શન

શ્રીમદ્ રાજચન્દ્ર

સાગર જેમ મજબુત નાવ અને માહિતગાર નાવિકથી તરીને પાર પમાય છે, તેમ સદ્‌ધર્મરૂપી નાવ અને સદ્‌ગુરૂરૂપી નાવિકથી સંસારસાગર પાર પામી શકાય છે. સાગરમાં જેમ ડાહ્યા પુરૂષોએ નિર્વિઘ્ન રસ્તો શોધી કાઢ્યો હોય છે, તેમ જિનેશ્વર ભગવાને તત્વજ્ઞાન રૂપ ઉત્તમ રાહ બતાવ્યો છે તે કલ્પવૃક્ષને સેવો.

નિજ આતમ સ્વરૂપ મુદા પ્રગટે, મન તાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણ દામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો.

તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી:
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only